
# Der Jainismus

## નામના જર્મન ગ્રંથ પર

# સમીક્ષા




સમીક્ષક

મુનિશ્રી મલયકીર્તિવિજયજી મ.સા.

# Der Jainismus

# નામના જર્મન ગ્રંથ પર સમીક્ષા

: સમીક્ષક :

મુનિશ્રી મલયકીર્તિવિજયજી મ.સા.

# Der Jainismus

## નામના જર્મન ગ્રંથ પર કરેલ સમીક્ષા

: પ્રથમ સંસ્કરણ :

કારતક વદ ૧૩, ૨૦૬૫

2000 નકલ

પ્રકાશક

**વિનિયોગ પરિવાર ટ્રસ્ટ**

પ્રાપ્તિસ્થાન

વિનિયોગ પરિવાર ટ્રસ્ટ

બી-૨/૧૦૪, વૈભવ, જાંબલી ગલી,

બોરિવલી (પશ્ચિમ), મુંબઈ-૯૨.

ફોન: ૨૮૯૯૧૭૮૧, ટેલીફેક્સ: ૨૮૯૮૦૭૪૯

E-mail : vinyog@vsnl.com

---

અખિલ ભારતીય સ્વાધ્યાય પીઠ

વીતરાગ ટાવર નં.૧, દુ.નં.૩, બાવન જિનાલય પાસે,

ભાયંદર (વેસ્ટ), જિલ્લો - થાણા

ફોન: ૯૩૨૪૫૮૭૧૨૫

---

: મુદ્રણ ખર્ચ :

રૂા. ૧૫/-

# Der Jainismus નામના જર્મન ગ્રન્થ ઉપર

## <u>સમીક્ષા</u>

## પ્રાસ્તાવિક બે બોલ

Der Jainismus નામના જર્મન ગ્રન્થનું ગુજરાતી ભાષાંતર મારા હાથમાં આવ્યું. જેના મૂળ લેખક- પ્રોફેસર હેલ્મુટ્ ગ્લાજેનાપ, બર્લિન (જર્મની) છે અને ગુજરાતી ભાષાંતર કરી પ્રકાશિત કરનાર 'શ્રી જૈન ધર્મ પ્રસારક સભા' (ભાવનગર) છે. વીર સંવત ૨૪૫૭, વિક્રમ સંવત ૧૯૮૭માં ભાષાંતર કરી પ્રકાશિત કરેલ છે.

જર્મનના કોઈ વિદ્વાને જૈન ધર્મ વિષે અભ્યાસ કરીને મોટો ગ્રન્થ બહાર પાડ્યો હોય ત્યારે સહજ ભાવે હૃદયમાં આનંદ થાય. તેથી હું તે આખો ગ્રન્થ વાંચી ગયો. વાંચતાં વાંચતાં ઘણી વખત હૃદયમાં વ્યથા ઊઠી, કેમ કે અનેક સ્થળે વિપરીત રજૂઆતો જોવા મળી. આ ગ્રન્થ દ્વારા જૈન ધર્મનું સત્ય છે, તે પ્રત્યે અન્યાયભર્યું કાર્ય થયું હોય તેવું મને લાગ્યું. ભારતમાં ભારતના વિદ્વાનો દ્વારા આવા ગ્રન્થોનો આધાર લઈને ''જૈનીઝમ''ના વર્ગો ચાલતા હોય, ચલાવવાના હોય, જૈનધર્મનો અભ્યાસ કરાવવામાં આવતો હોય, કરાવવાનો હોય, અને યુનિવર્સિટીઓ દ્વારા તે માટેના પ્રમાણપત્રો અપાતા હોય, આપવાના હોય, તો એવું સ્પષ્ટ લાગે છે કે ''જૈનીઝમ''ના જ નામે જિજ્ઞાસુઓના હૃદયમાં જૈનધર્મ વિરુદ્ધની અથવા મૂળ જે બાબતો છે તેથી ઓછેવત્તે અંશે વિપરીત વાતો પીરસાઈ જશે.

આખો ગ્રન્થ વાંચ્યા પછી 'ગુરુગમ'ની વાત જે મહાપુરુષો કહે છે તે વધુ સારી રીતે ખ્યાલમાં આવી. પ્રોફેસર હેલ્મુટ્ ગ્લાજેનાપે ગુરુગમ વિના જ અને વાચના, પૃચ્છના, પરાવર્તના,

અનુપ્રેક્ષા વિના જ જૈન ધર્મના ગ્રન્થોનો જાતે અભ્યાસ કરીને 'જૈન ધર્મ' વિષે ગ્રન્થ લખવાની ભારે હિંમત અને ભૂલ કરી છે. તીર્થંકર ભગવંતો, ગણધર ભગવંતો, પૂર્વધર મહાત્માઓ અને દિગ્ગજ મહાપુરુષો દ્વારા આત્મહિતાર્થે જે જ્ઞાન પીરસવામાં આવેલ છે તે સમુદ્ર જેવું વિશાળ અને ખૂબ ઊંડું છે. તેના રહસ્યનો પાર પામવો અત્યંત કઠણ છે. જ્યાં સુધી તીર્થંકર ભગવંતો અને મહાપુરુષો પ્રત્યે અત્યંત સમર્પણભાવ, પૂજ્યભાવ અને શ્રદ્ધા પેદા ન થાય ત્યાં સુધી તેમના જ્ઞાનના રહસ્યો સુધી પહોંચવું અશક્ય છે. અંતઃ કરણને ન સ્પર્શેલ એવું ૯।। પૂર્વ સુધીનું જ્ઞાન ધારણ કરનારા અભવી મિથ્યાદૃષ્ટિ સાધુઓના જ્ઞાનને પણ અજ્ઞાન કહેવામાં આવ્યું છે. માત્ર શાસ્ત્ર ગ્રન્થોના શબ્દો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને સ્વમતિથી અભિપ્રાયો બાંધવા અને લખવા તે ન્યાયપૂર્ણ અને સજ્જનોને યોગ્ય પ્રયાસ ન ગણાય.

વળી, જૈનધર્મ એ આગમો વાંચવા બાબતે ગૃહસ્થોને અધિકાર આપેલ નથી. માત્ર સાધુ-સાધ્વીઓને જ અધિકાર આપેલ છે. તેમાં પણ સાધુ કે સાધ્વીજીએ દરેક આગમ વાંચનનો અધિકાર મેળવવા માટે શાસ્ત્રમાં કહ્યા મુજબની વિશિષ્ટ તપ અને જોગની વિશિષ્ટ ક્રિયા- સાધના કરવી પડે છે. તે પછી જ અધિકાર મળે છે અને તે પણ ગુરુગમથી આગમનો અભ્યાસ કરવાનો હોય છે. જેથી અર્થનો ક્યાંય અનર્થ ન થાય, અર્થઘટન વિપરીત ન થાય, પ્રશ્નો પૂછવા દ્વારા જિજ્ઞાસાને તૃપ્ત પણ કરી શકાય અને અંતઃકરણને સ્પર્શે તે રીતનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય. વળી જ્ઞાનપ્રાપ્તિનું પ્રયોજન પણ કર્મક્ષય, શુભમાં પ્રવૃત્તિ, અશુભમાં નિવૃત્તિ અને મોક્ષપ્રાપ્તિ છે.

કમનસીબી પણ કેવી કહેવાય કે, જૈન ધર્મ વિષે ઊંડાણપૂર્વક જાણનારા અનેક વિદ્વાન જૈન આચાર્યો- સાધુઓ અહીં ભારતમાં છે. તેમના દ્વારા 'જૈનીઝમ્સ'નો કોર્સ તૈયાર

કરાવવાને બદલે પરદેશની એક વ્યક્તિએ લખેલ ગ્રન્થના આધારે કોર્સ તૈયાર કરીને ભારતમાં અભ્યાસ કરાવાય છે. ઘરમાં જ ગાયો હોય, તેનું ચોખ્ખું દૂધ ઘરમાં જ દોહવાતું હોય, તે કોઈ લઈ જાય, તેમાંથી ડેરીનું પાવડરીયું દૂધ બનીને આવે તે ખરીદીને પીવાની મૂર્ખામી કરવા જેવી આ વાત છે. કોઈએ પણ ખોટું લગાડવાની જરૂર નથી, પણ વાતને સમજવાની જરૂર છે.

આખા ગ્રન્થમાં વિપરીત રજૂઆતો, અસત્ય અભિપ્રાયો, વિપરીત અર્થઘટનો અને વાંધાજનક લખાણો ખૂબ જ છે. બધા જ લખવા શક્ય નથી, તેથી અનુકૂળતા મુજબ અહીં ધ્યાન દોરવા પ્રયત્ન કરેલ છે.

લેખક 'આભાર પ્રદર્શન'માં લખે છે, કે 'આ પુસ્તક એ ખાત્રી કરવાની અને વર્તમાન જૈન ધર્મ વિષે સારી અને સાચી હકીકતોનું યથાશક્ય સંપૂર્ણ ચિત્ર આપવાની ઇચ્છા રાખે છે.'

આ બાબતમાં જણાવવાનું કે સારીના સ્થાને નરસી, સાચીના સ્થાને ખોટી હકીકતો ઘણી આપવામાં આવી છે અને જૈન ધર્મ વિષે સંપૂર્ણ ચિત્ર ખડું કરવું એ કોઈના માટે પણ શક્ય નથી.

આ પુસ્તકનો જેઓ પણ અભ્યાસ કરે અને જૈન ધર્મ વિષે તે અપરિચિત કે ઓછા પરિચિત હોય તો તેમના હૃદયમાં જૈન ધર્મ વિષે જે ચિત્ર ખડું થાય તે વાસ્તવિક જૈન ધર્મથી ઘણું જુદું, ઘણું ખોટું અને અન્યાય યુક્ત પણ થવા સંભવ છે.

– ગુરુપાદપદ્મરેણુ
– પૂજ્યપાદ પંન્યાસશ્રી ચન્દ્રશેખર વિજયજી મ.સા.
ના શિષ્યરત્ન
– મુનિશ્રી મલયકીર્તિ વિજયજી મ.સા.

**(નોંધ : અહીં જે પેજ નંબર લખેલ છે, તે જર્મનના પ્રોફેસર હેલ્મુટ્ ગ્લોજેનાપ દ્વારા લખાયેલ Jainismus નામના અંગ્રેજી પુસ્તકના જૈન ધર્મ પ્રસારક સભા (ભાવનગર) દ્વારા ગુજરાતી ભાષાંતર કરેલ પુસ્તકના છે અને સમીક્ષા મેં કરેલ છે.)**

## (અધ્યાય - ૧ : ભૂમિકા)

પેજ નં-૧:

**એ જિનો મહાવિરક્ત પુરુષો હતા, એમણે બધાં પ્રકારનાં દુઃખ ઉપર વિજય મેળવીને કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.**

***સમીક્ષા:***

*જિનોએ દુઃખો ઉપર નહીં પણ દોષો ઉપર અને ઘાતીકર્મો ઉપર વિજય મેળવેલ. દુઃખ અઘાતી કર્મના ઉદયથી આવે છે. પ્રભુ મહાવીર દેવને કેવલ જ્ઞાન પછી પણ અસાતા વેદનીય કર્મનો ઉદય થયેલ અને છ મહિના સુધી લોહીના ઝાડા થયેલ. જોકે જિનેશ્વરો વીતરાગ હોવાથી દુઃખમાં જેવી દુઃખની અનુભૂતિ આપણને થાય છે તેવી અનુભૂતિ તેઓને સંભવિત નથી. આ વાત સમજવા માટે આત્માના ગુણો અને જૈન ફીલોસોફીનો વ્યવસ્થિત અભ્યાસ કરવો પડે.*

પેજ નં-૧:

**ગૌતમબુદ્ધ (નિર્વાણ ઇ.પૂ. ૪૮૦ના અરસામાં) પહેલાં સેંકડો વર્ષ ઉપર ઉત્તર ભારતમાં જૈન ધર્મ જન્મ પામ્યો.**

**સમીક્ષા:**

આ વાત તંદન ઉપજાવી કાઢેલ છે. જૈન ધર્મ ગૌતમબુદ્ધ પહેલાં સેંકડો વર્ષ પૂર્વે નહીં, પણ અસંખ્ય વર્ષ પૂર્વે જન્મ પામેલ હતો અને અપેક્ષાએ ધર્મ એ અનાદિ- અનંતકાળ રહેનારો છે. શાશ્વત છે, પણ તિરોભાવ તથા આવિર્ભાવની અપેક્ષાએ અસંખ્ય વર્ષ પહેલા જન્મ પામેલ. એ માટે જૈન ધર્મમાં આપેલ કાળ સ્વરૂપ સમજવું પડે અને શ્રી ઋષભદેવ ભગવાનનો ઇતિહાસ આગમ પ્રમાણમાં શ્રદ્ધા રાખીને જાણવો પડે.

# (અધ્યાય-૨ : તીર્થંકરો)

## પૂર્વ ઇતિહાસ

પેજ નં-૧૦-૧૧:

ત્યારે અમુક વર્ષોને અન્તરે એક પછી એક એમ ચોવીસ તીર્થંકરો પ્રકટે છે તે સત્ય ઉપરના આવરણને સંહારે છે. આપણા આ જુગમાં પણ એવા ચોવીશ ધર્મજ્ઞાતા અને ધર્મદાતા પ્રકટ્યા છે. જૈનો એમનાં નામ જાણે છે અને તેમના જીવનના પ્રસંગ વર્ણવે છે. એમાંના ઘણાખરા વિષે જે વર્ણન આપવામાં આવે છે તે સાવ કથાજનિત છે. પહેલાં તીર્થંકર ऋषभदेवનું આયુ ૮૪,૦૦,૦૦૦ પૂર્વનું હતું, એ ૫૦૦ ધનુષ ઊંચા હતા અને જોકે એક પછી એક તીર્થંકરનું આયુ અને કલેવર ઘટતું ચાલે છે, છતાં યે બાવીસમા તીર્થંકર अरिष्टनेमि નું આયુ ૧૦૦૦ વર્ષનું હતું અને એમનું કલેવર ૧૦ ધનુષનું હતું. આ ક્રમમાં આવતાં માત્ર છેલ્લા બે તીર્થંકરોના આયુ અને કલેવર માની શકાય એવાં આરોપાયાં છે. ૨૩મા તીર્થંકર पार्श्वनाथ નું આયુ ૧૦૦ વર્ષનું હતું તથા તેમનું કલેવર ૯ હાથ હતું, ૨૪ મા તીર્થંકર महावीर નું આયુ ૭૨ વર્ષનું હતું તથા તેમનું કલેવર ૭ હાથ હતું. વળી જૈનો જુદા જુદા જે તીર્થંકરોનો સમય બતાવે છે તેમાંથી માત્ર પાર્શ્વનાથનો અને મહાવીરનો જ સમય ઇતિહાસથી નિર્ણીત થઈ શકે એમ છે. મહાવીર ઇ.પૂ. આશરે ૫૦૦ વર્ષ ઉપર અને પાર્શ્વનાથ ઇ.પૂ. આશરે ૭૫૦ વર્ષ ઉપર થઈ ગયેલા મનાય છે; પણ અરિષ્ટનેમિ પાર્શ્વનાથની પૂર્વે ૮૪૦૦૦ વર્ષ ઉપર નિર્વાણપદ પામ્યા માનવામાં આવે છે, અને એમની પૂર્વેના તીર્થંકરોને અનુક્રમે એટલે એટલે દૂર મૂકવામાં આવ્યા છે કે

તેની કાળગણના પણ થવી અશક્ય થઈ પડે. આ સ્થિતિમાં યુરોપિયન સંશોધકે પહેલા બાવીશ તીર્થંકરોને ઐતિહાસિક પુરુષો માનવાનું કારણ નથી અને માત્ર છેલ્લા બે તીર્થંકરોના ઇતિહાસ સમ્બન્ધે સંશોધન કરવા ધ્યાન આપવું જોઈએ.[૩]

*સમીક્ષા:*

*તીર્થંકર ભગવંતોના જીવનચરિત્રો આપવામાં આવ્યા છે, તેને કથાજનિત કહીને ગૌણ કરવા યોગ્ય નથી. અત્યારે અવસર્પિણીકાળ ચાલે છે, જેમાં કાળના પ્રભાવે આયુષ્ય, અવગાહના (ઊંચાઈ) વગેરે ઘટતા જાય છે. પહેલા તીર્થંકર ભગવાન ઋષભદેવ અસંખ્ય વર્ષ પહેલા (૧ કોડાકોડી સાગરોપમ પહેલા) થઈ ગયા છે તેથી તે વખતે તેટલા મોટા આયુષ્ય અને અવગાહનાનો સંભવ છે. પછીના તીર્થંકર ભગવંતો થવા વચ્ચેના અંતરને વિચારો તો તમામ આયુષ્ય- અવગાહના વગેરે ઘટી શકે તેમ છે. હાલમાં પણ જમીનોમાંથી 'ડાયનાસોર' વગેરે પ્રાણીઓના વિરાટકાય શરીરો-હાડપિંજરો નીકળે છે, તે પણ દર્શાવે છે કે પૂર્વે શરીર મોટા હતા. વળી, કોઈ પણ વસ્તુની ખામી માટે ચાર પ્રમાણો છે. ૧. પ્રત્યક્ષ પ્રમાણ, ૨.અનુમાન પ્રમાણ, ૩.આગમ પ્રમાણ, ૪. ઉપમાન પ્રમાણ. આમાં ૨૪ તીર્થંકરો થવા બાબતે, તેમના થવાના સમય બાબતે, તેમના આયુષ્ય-અવગાહના વગેરે બાબતે આગમો એ પ્રમાણ છે. આગમો કહેનારા તીર્થંકર ભગવંતો છે. તેઓ સર્વજ્ઞ અને વીતરાગ હતા. તેઓ કદી અસત્ય બોલે તે સંભવ નથી. તેઓએ આપેલા પદાર્થો, સંઘની વિશિષ્ટ રચના, સાધુ ધર્મ, ધર્મના અનેક યોગો વગેરે અનેક બાબતો જોતાં પણ સ્પષ્ટ થાય છે કે તેઓ સર્વજ્ઞ*

હતા. તેથી જ વિશ્વના તમામ ધર્મો કરતાં જૈન ધર્મ અનેક રીતે જુદો તરી આવે છે અને જૈન ધર્મ પાસે જીવો સંબંધી, કર્મ સંબંધી, સ્યાદ્વાદ અને નય સંબંધી, ચરણ-કરણ સંબંધી, દ્રવ્યો સંબંધી વગેરે અંગેનું જે જ્ઞાન અને ધર્મવ્યવસ્થા છે તે ક્યાંય પણ નથી. મહત્ત્વના આગમ પ્રમાણને 'જૈન ધર્મ' વિશે લખનાર લેખક ન સ્વીકારે કે તેની ઉપર અશ્રદ્ધા રાખે તો ખરેખર તેઓ વડે 'જૈન ધર્મ' વિશે લખવાનું રહેતું જ નથી. આગમ પ્રમાણ ઊડી જાય એટલે 'જૈન ધર્મ' વિષેના તેમને લખેલા મોટા પુસ્તકની બધી બાબતો ઊડી જાય છે.

૨૪ તીર્થંકરો ન થવા છતાં- માત્ર બે જ થવા છતાં- ૨૪ તીર્થંકર થવાની રજૂઆત જો કોઈક વડે ઉપજાવી કાઢવામાં આવી હોત તો ચોવીશે તીર્થંકરના આયુષ્ય- અવગાહના વગેરે વર્તમાનમાં હોય તેટલા જ બતાવ્યા હોત અને તે વખતના બીજા મહાપુરુષો દ્વારા સખત વિરોધ ઊભો થયો હોત. જૈન સાધુ-સાધ્વી- શ્રાવક- શ્રાવિકામાં સર્વમાન્ય ન થયું હોત. ખોટી રજૂઆત કરવાની પ્રવૃત્તિ કોઈ પણ મહાપુરુષ ન કરે. લેખકનું લખાણ વાચકો અને અભ્યાસુઓને પહેલેથી અશ્રદ્ધા તરફ દોરી જનાર છે, જે સજ્જનને શોભે તેવું ન ગણાય.

લેખક જો આત્મ દ્રવ્યને, તેના ગુણોને- આત્મશક્તિને અને કર્મને- અંતઃકરણથી સ્પર્શીને જાણે તો વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવંતોના વચનોમાં કોઈ શંકા કરવાનો સવાલ જ ઊભો ન થાય.

પેજ નં-૧૨:

ક્રાઇસ્ટની પૂર્વના બીજા સૈકાને અન્તે ભારતના ધાર્મિક જીવનમાં ગંભીર પરિવર્તન થયાં. પ્રથમ આવેલા આર્યોના સરલ અનેકેશ્વરવાદને યજ્ઞ આદિ કર્મકાણ્ડે નવો વિકાસ આપ્યો, તેથી દેવોની સત્તા તેમના ભક્તોને મન ધીરેધીરે સંકોચાતી ચાલી અને તેને બદલે દેવી સત્તાઓ અદ્‌ભુત શક્તિ ધરાવનાર ગુરુઓના અલૌકિક કર્મકાણ્ડમાં આવતી મનાવા લાગી. આથી ગુરુપદના સ્થાનને ચિરમહત્ત્વ મળ્યું. તેઓ ઊંચે ચઢ્યા ને ધીરેધીરે વર્ણવ્યવસ્થાનો ઉપયોગ કરીને પોતે શ્રેષ્ઠ બન્યા. આ માર્ગે ચાલતાં એક નવો સિદ્ધાંત જન્મ પામ્યો અને તેણે સમાજશ્રેણિના બળને અનુસરીને ધાર્મિક સ્વરૂપ પકડ્યું એ સિદ્ધાંત તે કર્મનો, કર્મના ફળનો અને તેને અનુસરતો પુનર્જન્મના સિદ્ધાંતનો.

(આ પછી ૬-૭ પાના ભરીને લેખકે પોતાની રીતે ધંગધડા વિનાની વાતો લખી છે તે પછી ૧૮-૧૯ ઉપર નીચે મુજબ લખાણ છે.)

પેજ નં-૧૮-૧૯:

ભારતના તત્ત્વજ્ઞાનનો પ્રાચીન ઇતિહાસ અંધકારમાં ઘેરાયેલો છે અને તેથી ક્યારે અને કોણે આત્માના સિદ્ધાંતની સ્થાપના કરી તે નિશ્ચિત ભાવે આપણાથી કહી શકાતું નથી. સૌથી પ્રાચીન ઉપનિષદોમાં આત્મા દેખાતો નથી, પણ પછીના સમયના ઉપનિષદોમાં સામાન્ય રીતે એનો સ્વીકાર થયેલો છે, તે ઉપરથી એવા નિર્ણય ઉપર આવી શકાય કે એની ઉત્પત્તિ ક્રાઇસ્ટ પૂર્વેના સહસ્ત્રાબ્દીની શરૂઆતમાં અથવા તો નિદાન એના પૂર્વાર્ધમાં, થઈ

હોવી જોઈએ. જૈન સમ્પ્રદાય પોતાના તત્ત્વદર્શનમાં જીવ અને પુદ્‌ગલ વચ્ચે ભેદ માને છે અને જીવને શાશ્વત સ્વતંત્ર માને છે તેથી આત્માના નવીન સિદ્ધાંતની સ્થાપના સમયમાં એની પ્રથમ ઉત્પત્તિ હોવી જોઈએ. પ્રાચીન અને નવીન ઉપનિષદોમાં આત્મતત્ત્વ વિષેના ભેદ સંબંધના જે મત હતા તે ક્રાઈસ્ટ પૂર્વેની સહસ્ત્રાબ્દીની શરૂઆતના સૈકામાં સ્થિર થવા લાગ્યાં, એટલે જૈનદર્શનની ઉત્પત્તિ પણ તેવામાં જ થઈ મનાય. વળી જૈનોમાં પણ એવું સ્પષ્ટ ભાવે મનાય છે કે જીવ અને પુદ્‌ગલ એ ભિન્ન તત્ત્વ છે તથા પુદ્‌ગલના આવરણમાંથી જીવને મુક્ત કરતાં નિર્વાણ પમાય છે એવો સિદ્ધાંત તીર્થંકર પાર્શ્વનાથે ઇ.પૂ.આઠમા સૈકામાં પ્રસિદ્ધ કર્યો. ત્યારે પાર્શ્વનાથે ઇ.પૂ. ૮૦૦ ને આશરે જૈન ધર્મની સ્થાપના કરી એવું સ્વીકારીએ તો દર્શનશાસ્ત્રના ઇતિહાસમાં કંઈ અડચણ આવતી નથી, એટલું જ નહિ પણ તે જુગના ધાર્મિક જીવન વિષે આપણને જે માહિતી મળે છે, તેને એ સ્વીકારથી અનેક રીતે અનુકૂળતા મળે છે.

જીવાત્માના અસ્તિત્વ વિષેનો સિદ્ધાંત સ્પષ્ટ રૂપે પ્રથમ પાર્શ્વનાથે જ સ્થાપ્યો કે કેમ ? તેમના પછીના આચાર્યો તેમને અનુસર્યા અને તેમના સિદ્ધાંતને પોતાના તત્ત્વજ્ઞાનમાં વણી લીધો કે કેમ ? અથવા પાર્શ્વનાથે કોઈ પૂર્વાચાર્યનો એ સિદ્ધાંત પોતે સ્વીકારી લીધો અને એને પોતાની દર્શનપ્રણાલીમાં વણી લીધો કે કેમ ? તે નિશ્ચિત ભાવે કહી શકીએ એવી સ્થિતિમાં હજીયે આપણે નથી. જૈન ધર્મના ઇતિહાસના આ મહત્ત્વના કોયડાનો ઉકેલ હવે પછીના સંશોધનથી વખતે થાય.

સમીક્ષા:

શ્રમણ ભગવાન મહાવીર દેવ, શ્રી મહાવીર દેવ, શ્રી મહાવીરસ્વામી, શ્રી પાર્શ્વનાથ ભગવાન એ રીતે તીર્થંકર ભગવંતો માટે શબ્દયોગ કરવો જોઈએ, તેના સ્થાને જ્યાં ત્યાં 'મહાવીર વિષે', 'મહાવીરની', 'પાર્શ્વનાથે' એવા શબ્દપ્રયોગો અવિવેક યુક્ત ગણાય. આ રીતે સાધુ ભગવંતો તથા આચાર્ય ભગવંતો માટે પણ શબ્દપ્રયોગો કરેલ છે. દા.ત. પૂજ્યપાદ હેમચન્દ્રસૂરિ, શ્રી ભદ્રબાહુસ્વામિ વગેરે રીતે શબ્દપ્રયોગ કરવાને બદલે હેમચન્દ્રે, ભદ્રબાહુએ વગેરે રીતે શબ્દપ્રયોગ કરેલ છે. આવી રીતના શબ્દપ્રયોગો આખા પુસ્તકમાં લેખકે ઠેરઠેર કર્યા છે.

જીવ, કર્મ વગેરેના સિદ્ધાંતો જે જૈનદર્શનમાં છે, તે કોઈએ મનમાની રીતે સ્થાપ્યા નથી. આ સિદ્ધાંત એ વાસ્તવિકતા છે. તીર્થંકર ભગવંતો સંસાર પરિત્યાગ કરી સંયમ ગ્રહણ કરીને એવી રીતની સાધના કરે છે કે તેનાથી આત્મા ઉપરથી ઘાતિકર્મોનો સફાયો બોલાઈ જાય. જ્યારે ઘાતી કર્મો નાશ પામે છે ત્યારે તેઓ વીતરાગ, સર્વજ્ઞ, સર્વદર્શી બને છે. આત્માના જ્ઞાનાદિ ગુણો, કર્મના આવરણો વગેરેનો અંતઃકરણને સ્પર્શે તે રીતે તલસ્પર્શી અભ્યાસ કરવામાં આવે તો આ બાબતને સારી રીતે સમજી શકાય. તીર્થંકરો સર્વજ્ઞ સર્વદર્શી બને એટલે જગત જેવું છે, તેવું સંપૂર્ણ જાણી શકે છે અને જોઈ શકે છે. <u>તેથી સર્વજ્ઞ સર્વદર્શી એવા તીર્થંકર ભગવંતો પોતાની દેશનામાં જગતનું જગતના પદાર્થોનું જેવું સ્વરૂપ છે, તેવું વર્ણવે છે.</u> સર્વજ્ઞ અને સર્વદર્શી એવા તીર્થંકર ભગવંતોએ જગતના સર્વ પદાર્થોને છ વિભાગમાં વહેંચીને જણાવ્યા છે (૧) જીવાસ્તિકાય

(૨) ધર્માસ્તિકાય (૩) અધર્માસ્તિકાય (૪) આકાશાસ્તિકાય (૫) પુદ્ગલાસ્તિકાય (૬) કાળ- (આ અંગે સરળ શૈલીમાં પ્રાથમિક માહિતી જોઈતી હોય તો જિજ્ઞાસુએ મારા વડે લખાયેલ 'સરળ નવતત્ત્વ' વાંચી જવું.) આધુનિક વિજ્ઞાને આમાંથી પુદ્ગલ, કાળ, આકાશનો સ્વીકાર કરેલ છે, તથા ધર્માસ્તિકાયનો 'ઇથર'ના નામથી સ્વીકાર કરેલ છે. જીવને પણ કંઇક અંશે સ્વીકારે છે.

આ છમાં મુખ્ય જીવ છે, જે આપણે ખુદ છીએ. જીવનો જ્ઞાનગુણ છે, જે આપણામાં છે. તે સિવાયના તમામ પદાર્થો અજીવ સ્વરૂપ છે, તેઓમાં જ્ઞાનગુણ નથી. કર્મ પુદ્ગલોનો સમાવેશ પુદ્ગલ દ્રવ્યમાં થાય છે. જીવ, પુદ્ગલ, કર્મ વગેરે વિષે પ્રાથમિક માહિતી જોઈતી હોય તો મારા વડે સરળ શૈલીમાં લખાયેલ જીવવિચાર, સરળ નવતત્ત્વ, દંડક પ્રકરણ, કર્મનું વિજ્ઞાન, ખરેખર આત્મા છે? આટલાં પુસ્તકોનો અભ્યાસ જિજ્ઞાસુએ કરવો. તે અભ્યાસ કર્યા પછી તેના સ્વરૂપનું વર્ણન કરનારા સર્વજ્ઞ તીર્થંકર પ્રત્યે વિશ્વાસ ઊભો થશે. કોઈ પણ લેબોરેટરી વિના, કોઈ પણ સંશોધન વિના, કોઈ પણ વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કર્યા વિના, કોઈ પણ જાતના પ્રયોગો કે અબજો રૂ.ના ખર્ચ કર્યા વિના તીર્થંકર ભગવંતોએ આ બધા પદાર્થોનું, તેના ગુણધર્મોનું તથા તેને લગતી અનેક બાબતોનું વર્ણન શી રીતે કર્યું? તે પરથી પણ સ્પષ્ટ થાય તેમ છે કે તેઓ સર્વજ્ઞ- સર્વદર્શી બન્યા હતા. આજના વિજ્ઞાનને એક શોધ કરવા પાછળ વર્ષોના વર્ષો સંશોધન કરવું પડે છે, પ્રયોગો કરવા પડે છે, અનેક માનવબુદ્ધિને કામે લગાડવી પડે છે, અનેક સાધનોની જરૂર પડે છે અને લાખો અબજો રૂ.ના ખર્ચ કરવા પડે છે.

*બીજું જૈન ધર્મ પાસે જે શાસ્ત્રગ્રન્થો છે અને તેમાં જે જગતના પદાર્થો અને તેનું સ્વરૂપ ઊંડાણપૂર્વક દર્શાવેલ છે, તે અન્ય કોઈ પણ ધર્મ પાસે નથી, તેથી જૈન ધર્મે કોઈ પાસે ઉછીનું લીધું હોય તે સવાલ જ રહેતો નથી.*

*દરેક તીર્થંકર ભગવંતો સર્વજ્ઞ- સર્વદર્શી બન્યા પછી જ ઉપદેશ આપવાનું શરૂ કરે છે, તેથી ચાહે શ્રી ઋષભદેવ ભગવાન હોય કે ચાહે શ્રી શાંતિનાથ ભગવાન હોય કે ચાહે શ્રી પાર્શ્વનાથ પ્રભુ હોય કે ચાહે શ્રી મહાવીર પ્રભુ હોય, બધાની જગતના સ્વરૂપ અંગેની વાતો સમાન જ રહેવાની છે. અલબત્ત તીર્થંકર ભગવંતો કોઈ પણ સિદ્ધાંતની સ્થાપના કરતા નથી, પણ જગતનું જેવું સ્વરૂપ છે તેવું દર્શાવે છે અને જીવોને કર્મમુક્ત બની પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપે છે. તેથી જ તીર્થંકરો જગત્સર્જક નથી, પણ જગત્દર્શક છે.*

(લેખકે પેજ-૧૯ થી શ્રી પાર્શ્વનાથ ભગવાન વિષે જે વાતો લખેલ છે, તે પણ કેટલીક રીતે અયોગ્ય અને અધૂરી છે.)

## (શ્રી પાર્શ્વનાથ)

પેજ નં-૨૦:

**જૈનોના વર્ણવ્યા પ્રમાણે પાર્શ્વનાથના સિદ્ધાન્તોનો આ મુખ્ય સાર છે : અસૃષ્ટ અને અશાશ્વત વિશ્વના ત્રણ ભાગ છે - उर्ध्वलोक, એમાં દેવો વગેરે રહે છે; तिर्यक्लोक, એમાં મનુષ્ય તિર્યંચ વગેરે રહે છે; અને अधोलोक, તેમાં રાક્ષસો અને નરકવાસીઓ રહે છે. એ શાશ્વત, અવિનશ્ય જીવો અસંખ્ય છે.**

*સમીક્ષા:*

*કોઈ પણ જૈન સ્વતંત્ર વર્ણન કરી શકતો નથી, જે તીર્થંકર ભગવંતોએ જણાવેલ છે, તે જ પરંપરા વડે આપણા સુધી આવેલ છે અને શાસ્ત્રગ્રન્થો રૂપે ગૂંથાયેલ છે. તેથી 'જૈનશાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે' તે રીતે લખવું યોગ્ય છે. જીવો અસંખ્ય નથી, પરંતુ અનંત છે.*

*આગળના લખાણમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં ચોથા મહાવ્રતમાં સર્વથા પરિગ્રહ ત્યાગ જણાવવો જોઈએ અને સ્ત્રી એ પણ પરિગ્રહ છે માટે સ્ત્રી ત્યાગ (સાધ્વી માટે પુરુષ ત્યાગ) એ ચોથા મહાવ્રતમાં સ્પષ્ટ કરવું જોઈએ તથા ત્રણ રત્નત્રયમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર જણાવવું જોઈએ.*

## (શ્રી મહાવીર)

પેજ નં-૨૪:

**મોટા ઘરના જુવાનીઆ જે રીતે પોતાની જુવાનીનો સમય ગાળતા તેથી કંઈ જુદી રીતે વર્ધમાને પોતાની જુવાનીનો સમય ગાળ્યો હોય એમ જણાતું નથી. એમણે સારા ઘરની સુન્દર કન્યા यशोदा સાથે લગ્ન કર્યાં હતાં અને તેનાથી એમને એક પુત્રી अनीजज़ा (प्रियदर्शना) થઇ, તેનાં લગ્ન એક પ્રસિદ્ધ પુરુષ जमालि સાથે કર્યાં હતાં અને તેને शेषवती (यशोमती) નામે પુત્રી જન્મી હતી.**

*સમીક્ષા:*

*લગ્નાદિ બાહ્ય વ્યવહાર માત્રથી શ્રી વર્ધમાનકુમારના જીવનને મોટા ઘરના જુવાનીઆઓ જેવું જણાવવું ઠીક નથી. લેખક*

વર્ધમાનકુમારના ત્રણ જ્ઞાનને, નાનપણમાં બનેલા પ્રસંગોને, તેમના ધસલસતા વૈરાગ્યભાવને, તેમના આંતર ગુણ વૈભવને, તેમની આગવી જીવનશૈલીને સમજી જ શક્યા નથી તે સ્પષ્ટ થાય છે તથા પુણ્યાનુબંધી પુણ્ય શું છે? બંધ અને અનુબંધ શું છે? તેની અસર શું હોય છે? ભોગાવલી કર્મ શું છે? પુણ્યકર્મને તીર્થંકરો કેવી આંતર અવસ્થાથી ભોગવતા હોય છે, વગેરે તાત્ત્વિક પદાર્થોને પણ લેખક સમજી જ શક્યા નથી તે પણ સ્પષ્ટ થાય છે.

પેજ નં-૨૫:

**એમ જણાય છે કે થોડો વખત તો પોતાની માતૃભૂમિ પાસેના કોઈ પ્રદેશમાં આવેલા પાર્શ્વનાથના સમ્પ્રદાયના સાધુ સંઘમાં જઈ રહ્યા, પણ પછી ત્યાંના બીજા સાધુઓ સાથે મતભેદ થતાં એ ત્યાંથી નીકળી ચાલ્યા ને પરિક્રમણ કરવા લાગ્યા.**

<u>સમીક્ષા:</u>

***લેખકે આ વાત સાધુ થયેલ ભગવાન મહાવીરદેવ માટે લખેલ છે. આ વાત તદ્દન ખોટી છે. પ્રભુ મહાવીરદેવે પ્રથમ ચાતુર્માસ તાપસના આશ્રમમાં કરેલ અને ત્યાં તાપસના કુલપતિને સાધક એવા પ્રભુ પ્રત્યે દુર્ભાવ થવાથી ચાલુ ચોમાસામાં વિહાર કરેલ. તે પ્રસંગને અનુસરીને કદાચ લેખકે એ તાપસોને જ શ્રી પાર્શ્વનાથ ભગવાનના શાસનના સાધુઓ રૂપે કલ્પના કરી દીધી હશે, એમ જણાય છે. આમાં મતભેદની કોઈ વાત જ ક્યાં છે? <u>કેવો અર્થનો અનર્થ કરી દીધો છે!</u> વળી, 'શાસનના' સ્થાને 'સંપ્રદાય' શબ્દ વાપરેલ છે, તે બરાબર નથી.***

પેજ નં-૨૫:

સર્વ પ્રકારના કાયક્લેશ ઉઠાવ્યા ને સહ્યા, ધ્યાન ધર્યું અને જગત તથા પ્રારબ્ધ વિષેના વિચારો ઉપર ચિન્ત્વન કર્યું. બહુ બહુ વિચાર કર્યા પછી- બહુ બહુ ચિન્ત્વન કર્યા પછી અન્તે એમને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થઈ, એટલે કે સંસારના સ્વરૂપનું એમને સમ્પૂર્ણ શુદ્ધ જ્ઞાન થયું અને પરમકલ્યાણનો - નિર્વાણનો- માર્ગ એમને જડ્યો.

*સમીક્ષા:*

*તીર્થંકર ભગવંતો ધ્યાનાવસ્થામાં હોય છે, ત્યારે લેખક લખે છે તે મુજબ ચિંતન કે વિચારો કરતા નથી અને બહુ બહુ વિચાર કર્યા પછી કેવળજ્ઞાન થાય છે એવું હોતુ નથી. લેખક તીર્થંકર ભગવંતોના વિષયમાં અને જૈન ધર્મ વિષયમાં ખૂબ જ અજ્ઞાત છે, તેમ લાગે છે.*

પેજ નં-૨૫:

अर्हत् થયા, तीर्थंकर થયા. ત્યારથી પાર્શ્વનાથના ધર્મને સંસ્કાર આપી નવું સ્વરૂપ આપવું અને ધર્મ સત્ય પ્રાણીમાત્રને સમજાવવું એ પોતાની ફરજ એમણે માની.

*સમીક્ષા:*

*લેખક પરમાર્થને જાણતા નથી. વીતરાગ થયા પછી 'આ મારી ફરજ છે, મારે આમ કરવું જોઈએ' ઇત્યાદિ વિકલ્પો હોતા નથી. તેઓ કોઈ પણ પ્રકારના પ્રશસ્ત કે અપ્રશસ્ત રાગ-દ્વેષથી પર છે. તેઓ માત્ર તીર્થંકર નામકર્મના ઉદયથી જ ઉપદેશ આપવાનું કાર્ય કરતા હોય છે. જેમ કુંભારે પહેલાં ચક્રને ભમાડવા માટે*

દંડનો ઉપયોગ કરી પ્રયત્ન કરવો પડે છે, પણ પછી એ ચક્ર સ્વયં ભમે છે. તેમ પ્રભુ વીતરાગ ન બને ત્યાં સુધી પૂર્વના ત્રીજા ભવથી માંડીને જગત પરની કરુણાના ભાવથી જે તીર્થંકર નામકર્મ બાંધે છે, તેનો વિપાકોદય વીતરાગ-સર્વજ્ઞ બનતાં શરૂ થાય છે. એ વિપાકોદયના ફળ સ્વરૂપે તીર્થની સ્થાપના, ઉપદેશદાન વગેરે કાર્યો સહજ થાય છે. 'મારે આમ કરવું છે, હું આમ કરું, આ મારી ફરજ છે' તેવા વિકલ્પો જે આપણને સંભવે છે તેવા વિકલ્પો વીતરાગને કદી ન હોય. આત્માના મૂળભૂત સ્વભાવો, ઘાતીકર્મનો ક્ષય વગેરે પદાર્થોને તાત્ત્વિક સ્વરૂપમાં સમજવાથી આ પદાર્થ સરળતાથી સમજાય તેવો છે.

પેજ નં-૨૬-૨૭:

**મહાવીર સમ્બન્ધે આપણે જે જાણીએ છીએ, તે ઉપરથી મહત્ત્વની હકીકત તો એ મળી આવે છે કે એ મહાપુરુષ હતા અને એમણે તે સમયના પુરુષો ઉપર પોતાના માનસિક અને આધ્યાત્મિક બળે બહુ ગમ્ભીર પ્રભાવ પાડ્યો હતો. એમના સમયમાં જે જે પ્રશ્નો ઉઠેલા તે સર્વે ઉપર એમણે પ્રબળ અને ગમ્ભીર વિચાર કરેલો અને બધા કોયડા ઉકેલવાના પ્રયત્નો કરેલા. એમની આસપાસની સૌ વાતોની સ્પષ્ટતા કરવા માટે, પૃથક્કરણ કરવા માટે ને નિરાકરણ કરવા માટે તે સમયે એમની ખાસ આવશ્યકતા હતી. સંઘની વ્યવસ્થિતિ કરવા માટેના એમના પ્રયત્નો અને એમની દીર્ઘદષ્ટિને કારણે એ સમ્પ્રદાય સ્થાપી શક્યા. પોતાના ઉપદેશમાં એમણે ઇહલોક અને પરલોક વિષે સ્પષ્ટ પરિસ્ફોટન આપ્યું છે. સંસારજીવનમાં પ્રાપ્ત થયેલી રાજબુદ્ધિને બળે એ સૌ વાતોના ભેદને**

કળી લેતા અને અતિઊંચા જ્ઞાનને બળે એમની પાસે જે કોઈ ઉપદેશ લેવા આવતું તે સૌને શુદ્ધમાર્ગ દર્શાવતા.

**સમીક્ષા:**

આ બધી બાબતો છદ્મસ્થ કોઈ મહાપુરુષને ઘટી શકે તેવી શૈલીથી લેખકે લખેલ છે. તે લેખકની અજ્ઞાનતાને પ્રગટ કરે છે. લેખકે પ્રભુ મહાવીર દેવની જે ઉચ્ચતમ કક્ષા છે તેને નીચી કરવાની જાણે કે અજાણે ગંભીર ભૂલ કરી છે. કાં તેઓ વીતરાગ અરિહંત, સર્વજ્ઞ, તીર્થંકર વગેરે પદોના મર્મને સમજ્યા જ નથી; કાં પ્રભુ મહાવીર દેવને તેવા સ્વીકારવા માટે તેમનું હૃદય સંકોચ અનુભવે છે.

પેજ નં-૨૭:

પોતાના શિષ્યોને કઠોરભાવે આજ્ઞા કરી કે તમારે પણ એવું જ જીવન ગાળવું અને એમ કરીને એમણે સંન્યસ્ત ધર્મને ખૂબ ઊંચે આણ્યો. સંન્યસ્ત ધર્મને કઠોર માર્ગે એમણે દઢભાવે પગલાં કેમ ભરવા માંડ્યાં એની સાબિતી, કથા એવી રીતે આપે છે કે તે સમયના બીજા સંન્યાસીઓ માત્ર માથું મુંડાવતા અને સંન્યસ્તનાં વસ્ત્ર ધારણ કરીને સન્તોષ પકડતા, ત્યારે મહાવીરે તો પોતાના વાળ એના મૂળથી ઉખેડી નાખ્યા અને વસ્ત્રનો સમૂળો ત્યાગ કર્યો.

**સમીક્ષા:**

કેટલી બધી વિચિત્ર આ રજૂઆત છે. વીતરાગમાં કઠોર ભાવ સંભવે નહીં અને કઠોર ભાવ હોય ત્યાં વીતરાગતા હોય નહીં. બીજા સંન્યાસીઓ માથું મુંડાવતા માટે ભગવાન મહાવીર દેવે વાળને મૂળથી ઉખેડી નાખ્યા. આ કેટલી જૂઠી વાત! કેવી જૂઠી સાબિતી! શ્રી મહાવીરદેવ પહેલા પણ શ્રી પાર્શ્વનાથ ભગવાનના

*સાધુ-સાધ્વીઓ પણ લોચ જ કરતાં હતાં અને બાહુબલીજીએ ભાઈ ભરતચક્રીને મારવા મૂઠી ઉપાડી, પણ પશ્ચાત્તાપ થતાં જ એ મૂઠીથી લોચ કરી લીધાની વાત જૈનજગતમાં પ્રસિદ્ધ છે.*

પેજ નં-૨૭-૨૮:

**"મહાવીર સંકુચિત પ્રકૃતિના હતા, બુદ્ધ વિશાળ પ્રકૃતિના હતા. મહાવીર લોકસમાજમાં ભળવાથી દૂર રહેતા, બુદ્ધ લોકસમાજની સેવા કરતા. આ ભેદ કંઇક અંશે એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે પોતાના શિષ્યો (ભક્તો) જ્યારે પ્રસંગોપાત બુદ્ધને જમવા નોતરતા ત્યારે તે તેને ત્યાં જતા, પણ મહાવીર તો એમ માનતા કે જનસમાજ સાથે સાધુને આવો સમ્બન્ધ ન ઘટે, વળી કંઇક અંશે આ ભેદ એ ઉપરથીયે વધારે સ્પષ્ટ થાય છે કે બુદ્ધ વિહાર કરતાં કરતાં જેની તેની સાથે વાતો કરતા અને પોતાના જીવન-વિચારો તથા જીવનઆચારોમાં ફેરફારો તથા લોકને ઉપદેશ આપવાના અને તેમને ઊંચે લેવાના ભાવમાં પણ એ પ્રમાણે એ ફેરફાર કરી લેતા. માણસોથી દૂર રહેવાની વૃત્તિને કારણે તપસ્વી મહાવીરે સર્વજનના આત્માના ઉધ્ધારને માટે આવું કંઈ કર્યું નથી. આધ્યાત્મિક ઉપદેશ કરવાને માટે અને શિક્ષા આપવાને માટે જાણીબૂઝીને કોઈ મનુષ્યને એમણે બોલાવ્યો હોય એવું જણાઈ આવતું નથી, અને જ્યારે કોઈ માણસ પોતાની મેળે ધાર્મિક ચર્ચા કરવાને માટે એમની પાસે આવતો, ત્યારે એની વિચારશ્રેણિ સમજવાની એ ભાગ્યે જ પરવા કરતા, પણ માત્ર પોતાના મન્તવ્યના કઠણ સિદ્ધાન્ત પ્રમાણે આકરો ઉત્તર દેઈ દેતા."**

*<u>સમીક્ષા:</u>*

*લેખક શુદ્ધ સાધુ ધર્મના આચારોને જાણતો નથી, તેવું જણાય છે. <u>પ્રભુ મહાવીર દેવને સંકુચિત પ્રકૃતિના જણાવીને લેખકે વાચકોને ગેરમાર્ગે દોરવાની દુષ્ટ પ્રવૃત્તિ કરી છે.</u> પ્રભુ મહાવીરદેવે સાધના કાળમાં ચંડકૌશિક સર્પને કેવી રીતે તાર્યો, તે વાત તો બિલકુલ જાણતા જ નથી તેમ લાગે છે. આ સિવાય પણ આગળ પણ પ્રભુ મહાવીર દેવ બાબતે લેખકે વિચિત્ર રજૂઆતો કરી છે અને વાચકોને ગેરમાર્ગે દોરવાની દુષ્ટતા આચરી છે, જે અહીં લંબાણ ન થાય માટે મેં લીધી નથી.*

## (પ્રાચીનતમ સંઘ)
## મહાવીરના શિષ્યો

પેજ નં-૩૩:

**મહાવીર જે રાત્રે નિર્વાણ પામ્યા તે રાત્રે ગૌતમ ઇંદ્રભૂતિને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું અને તેથી સંઘને તીર્થંકરના ધર્મનો ઉપદેશ આપતા અટકી ગયા.**

*<u>સમીક્ષા:</u>*

*ગુરુગમ વિના પોતાની મતે ભણીને પોતાની બુદ્ધિ પ્રમાણે લખવા બેસે ત્યારે કેવા ગોટાળા સર્જાય છે, તેનું આ દૃષ્ટાંત છે. કેવળજ્ઞાન પ્રાપ્ત થવાથી સંઘને ઉપદેશ આપવાનું કામ અટકતું નથી. અહીં વાત એવી છે કે શિષ્યો ભૂલ કરી બેસે ત્યારે સારણા, વારણાદિની જરૂર પડે અને ક્યારેક શિષ્યોનો ઉમંગ વધારવા માટે તેમની પ્રશંસા કરવાની, વાત્સલ્યભાવ પ્રગટ કરવાની પણ જરૂર પડે. આ કાર્ય કયા ગુરુ કરી શકે ? જેઓ હજુ વીતરાગ બન્યા નથી*

તેવા જ ગુરુ કરી શકે. ગૌતમસ્વામીજી કારતક સુદ- એકમની મંગલ પ્રભાતે કેવળજ્ઞાન પામ્યા. વીતરાગ બન્યા વિના કેવળજ્ઞાન સંભવિત નથી અને વીતરાગને પ્રશસ્ત પણ રાગ-દ્વેષની પ્રવૃત્તિ સંભવે નહીં, તેથી શિષ્યો વગેરેના યોગક્ષેમની જવાબદારી સુધર્માસ્વામીજીને સોંપવામાં આવી.

બુદ્ધિમાન વાચકોને મારે પૂછવું છે કે લેખક શ્રી હેલ્મુટ ગ્લાજેનાપ ભલે પ્રોફેસર હોય, પરંતુ પ્રભુ મહાવીર દેવ વિષે કે જૈન ધર્મ વિષે લખવાની તેઓની કક્ષા ગણાય ખરા? અને આવા લેખકે જે લખ્યું હોય તેના દ્વારા જૈન ધર્મ વિષેનો કોર્સ બનાવી શકાય ખરા? એવો કોર્સ કરેલ વિદ્યાર્થીઓને જે સર્ટિફિકેટો અપાય તે સાચા ગણાય ખરા?

પેજ ૪૦થી ૪૨:

(લેખકે શ્વેતાંબર- દિગંબરનો ભેદ શી રીતે પડ્યો, તેની જે વાતો લખી છે તેમાં ઘણા લોચા છે. કેટલીક બાબતો નીચે મુજબ છે.)

આપણે આગળ જોઈ ગયા છીએ કે પાર્શ્વનાથના સમ્પ્રદાયના સાધુઓને વસ્ત્ર પહેરવાની છૂટ હતી, પણ મહાવીરે પોતે તો વસ્ત્રનો સમૂળો ત્યાગ કર્યો હતો. (પેજ ૪૦ જુઓ)

ધર્માજ્ઞાને અક્ષરશઃ માનનાર दिगम्बर કહેવાયા, તેમાં છૂટછાટ મૂકનાર श्वेताम्बर કહેવાયા. આ ભેદ તેમનામાં પડ્યો ને પછીથી ચિરન્તન થઈ ગયો.

હજીયે જૈન ધર્મમાં એ ભેદ છે જ, પણ એનાં મૂળ એ બાર વર્ષના દુષ્કાળમાં જ રોપાયેલાં કે કેમ તે નિશ્ચિતરૂપે હજી કહી શકાતું નથી. વખતે એમ પણ હોય કે મૂળથી જ જૈન ધર્મમાં બે મત

હોય. એક અત્યાગ્રહી, તે મહાવીરની આજ્ઞાને માનનારો અને બીજો કંઇક કુમળો, તે પાર્શ્વનાથની નરમ આજ્ઞાને પાળનારો. (પેજ ૪૦ જુઓ)

છતાંયે દિગમ્બરો માને છે કે શાસ્ત્ર થોડે થોડે ઘસાતાં ચાલ્યાં આવે છે અને તેથી આજે તો શૂન્યવત્ થઈ ગયાં છે, ત્યારે શ્વેતામ્બરો માને છે કે તેમાંનો મોટો ભાગ આજ સુધી પણ ઊતરી આવ્યો છે. (પેજ ૪૨ જુઓ)

<u>*સમીક્ષા:*</u>

*૧લા અને ૨૪મા તીર્થંકર ભગવંતોને દીક્ષા વખતે દેવે ખભા ઉપર નાખેલ દેવદૂષ્ય રહે ત્યાં સુધી રાખે, પછી ન હોય. (દા.ત. આ અવસર્પિણી કાળના ૨૪માં તીર્થંકર શ્રી મહાવીર દેવના દેહ ઉપર દેવદૂષ્ય ૧૩ મહિના સુધી રહેલ.) અને વચલા ૨૨ તીર્થંકર ભગવંતોના શરીર ઉપર દેવદૂષ્ય કાયમ રહે છે. સાધુઓ માટે આચાર એવો છે, કે ૧લા અને ૨૪મા તીર્થંકરના શાસનના સાધુઓ જીર્ણ- મોંઘા નહીં તેવા જરૂર પૂરતાં સંયમ ધર્મમાં ઉપકારક વસ્ત્રોને ધારણ કરનારા હોય છે અને વચલા ૨૨ તીર્થંકરના શાસનના સાધુઓ વસ્ત્ર સહિત પણ હોય, કોઈ પણ વર્ણના વસ્ત્ર પહેરનારા હોય, નગ્ન પણ હોય.*

*આ ભેદ પાછળનું કારણ તે તે કાળના મનુષ્યોની યોગ્યતા વગેરે છે. તીર્થંકર ભગવંતો અતિશય યુક્ત હોવાથી તેઓ વસ્ત્ર વિહીન હોય તો પણ નગ્નતા દેખાતી નથી હોતી અને કોઈને પણ વિકારનો સંભવ નથી. તેથી સાધુઓએ તીર્થંકર ભગવંતે જે કર્યું તે નથી કરવાનું, પણ જે કહ્યું તે કરવાનું છે.*

લેખકે પોતાના લખાણમાં શ્વેતાંબર સાધુઓને છૂટછાટ મૂકનારા કે શ્રી પાર્શ્વનાથ ભગવાનની નરમ આજ્ઞાને પાળનારા રજૂ કર્યા છે, તે ખોટું છે. વળી શ્રી પાર્શ્વનાથ ભગવાનના નિયમો અને પ્રભુ મહાવીર દેવના નિયમોમાં પરમાર્થથી કોઈ જ ફેર ન હતો. કેમ કે બન્ને વીતરાગ, સર્વજ્ઞ, તીર્થંકર હતા. બન્નેએ મોક્ષમાર્ગની પ્રરૂપણા કરેલ છે.

શ્રી પાર્શ્વનાથ ભગવાને સાધુઓ માટે ચાર મહાવ્રતો બતાવેલ. તેમાં દેખીતી રીતે બ્રહ્મચર્ય મહાવ્રતની વાત ન હતી. પણ તે 'સર્વથા પરિગ્રહ વિરમણ મહાવ્રત'માં અંતર્ગત હતી. તે વખતના મનુષ્યો બુદ્ધિમાન અને હૃદયના સરળ હતા. તેથી સમજતા હતા કે સ્ત્રી પર રાગ કરવો, સ્ત્રી રાખવી વગેરે પણ પરિગ્રહ જ છે. જ્યારે હાલના મનુષ્યોના સંયોગો એવા છે કે જો ચાર જ મહાવ્રત દર્શાવવામાં આવે તો સાધુ બની સ્ત્રી રાખવાનું શરૂ થઈ જાય. તેથી ચારના સ્થાને પાંચ મહાવ્રતો જીવની યોગ્યતાનુસારે દર્શાવવામાં આવ્યા છે.

શ્રી પાર્શ્વનાથ ભગવાનના શાસનના સાધુઓ માટે કોઈ પણ વર્ણનાં વસ્ત્રોની છૂટ હતી. કેમ કે પ્રાજ્ઞ અને સરળ હોવાથી નિર્દોષ વસ્ત્ર મળે તે રાગ-ભાવ વિના પહેરી લેતા. અત્યારે જો તેવી છૂટ મળે તો મેચિંગ અને ફેશનનું દૂષણ સાધુઓમાં પણ પ્રવેશી જાય. માટે અલ્પ કિંમતના સંયમમાં ઉપકારક એવા શ્વેત વસ્ત્રો ધારણ કરવાનું તીર્થંકર પ્રભુએ કહ્યું છે. જૈન ધર્મ દેખાવ માટે નથી, પરંતુ રાગ-દ્વેષના બંધનથી મુક્ત થવા માટે છે, તે જ એકમાત્ર હેતુ છે.

જો દિગમ્બરો પ્રભુ મહાવીર દેવ પ્રમાણે ચાલ્યા હોત અને શ્વેતાંબરો પ્રભુ પાર્શ્વનાથ પ્રમાણે ચાલ્યા હોત તો દિગમ્બરો ભગવાન

શ્રી મહાવીર દેવને અને શ્વેતામ્બરો ભગવાન શ્રી પાર્શ્વનાથને પોતાના ભગવાન તરીકે ગણાવતા હોત, પણ તેવું નથી. બન્ને ચોવીશે ચોવીશ તીર્થંકર ભગવંતોને સ્વીકારે છે. તેથી લેખકની વાતો ઇતિહાસની ઘટનાઓને ઊંધે પાટે ચડાવનારી છે.

બીજું, શ્વેતાંબરો માને છે કે જે શાસ્ત્રજ્ઞાન શ્રી ભદ્રબાહુસ્વામી વખતે હતું તે અપેક્ષાએ અત્યારે બુંદ સમાન જ બચેલ છે.

## (પ્રચાર અને ઉન્નતિ)

સમીક્ષા:

જૈન ધર્મનો પ્રચાર, ઉન્નતિ અને અવનતિ માટે લેખકે લગભગ ૪૦ પેજ ભર્યા છે. તેમાં કેટલીક બાબતો અયોગ્યરીતની પણ રજૂ કરેલ છે પણ મહત્ત્વની વાત તો તે છે કે પ્રભુ મહાવીર દેવના વખતથી જૈન ધર્મની ચડતી-પડતી જે રીતે આપી છે, તેમાં જે પરિબળોએ ભાગ ભજવ્યો છે અને જે જે વિશિષ્ટ મહાપુરુષોએ જે જે કાર્યો કર્યા છે. અનેક સાધુ-સાધ્વી- શ્રાવક- શ્રાવિકાઓએ જે બલિદાન આપ્યાં છે તે સંબંધી અનેક ઘટનાઓ રજૂ થઈ નથી અને ન જરૂરી કેટલીક બાબતો રજૂ કરવામાં આવેલ છે.

**એમ લાગે કે લેખકને અહીંથી- તહીંથી જે જેટલું મળ્યું તે વાંચીને લખાણ કર્યું છે. જૈન શાસ્ત્રજ્ઞો અને જૈન ઇતિહાસવેત્તાઓમાં માન પામે તેવું લખાણ નથી. વળી, બ્રિટિશરોને સારા દેખાડવાની ભૂલ પણ કરી છે. અમારી દૃષ્ટિએ તો સૌથી વધુ નુકસાન રાષ્ટ્રને- ધર્મને- સંસ્કૃતિને બ્રિટિશરો દ્વારા જ થયું છે.**

દેશનું આર્થિક અને ધાર્મિક શોષણ કરવામાં અને લૂંટ ચલાવવામાં બ્રિટિશરોએ બાકી રાખ્યું નથી. આ કારણે જ ગાંધીજીએ ધોતડી પહેરવાનું શરૂ કરેલ. બ્રિટિશરોએ લાખો પશુઓની કતલ કરી, અનેક રાષ્ટ્રપ્રેમી ક્રાન્તિવીરોને ફાંસીએ ચડાવ્યા, રાજાઓને અંદરોઅંદર લડાવી મારીને ખલાસ કર્યા, કાયદાઓની જાળ બિછાવીને આખા દેશને રંજાડ્યો અને ચૂસી લીધો, અને અહીંથી જતાં પહેલાં પણ દેશી ગોરાઓ પેદા કરીને કાયદાઓની જાળ બિછાવીને સત્તાના સુકાન દેશી ગોરાઓના હાથમાં મૂકીને એવી રીતે ગયા છે કે હજુ પણ આ દેશ બરબાદ જ થતો જાય છે.

# (અધ્યાય-૩: ગ્રન્થો)

(આમાં ૪૫ આગમ વગેરેનાં નામો, તેમાં શું આપેલ છે વગેરે હકીકતો આપવામાં આવી છે, પણ તે પછી લેખકે પોતાનો અભિપ્રાય રજૂ કરેલ છે તે નીચે મુજબ છે.)

પેજ નં-૧૦૦-૧૦૧:

**ઉપરના વિવરણમાં દરેક ગ્રંથ સામે તેમાંનો વિષય બતાવ્યો છે, તે ઉપરથી જોઈ શકાશે કે એમાં કેટલા બધા વિષયોનો સમાવેશ છે. વધારે ઊંડા ઊતરવાથી એથીયે વધારે વિષય જડશે, કેમ કે દરેક ગ્રન્થના પોતાના ખાસ વિષય સાથે કંઈ લેવાદેવા નહિ એવા અનેક વિષયો, પ્રક્ષિપ્ત કે ઉક્ષિપ્ત સ્વરૂપે, એ ગ્રન્થોમાં અનેક છે અને તેથી તે વિષયો ઉપર કશું ધ્યાન અપાતું નથી. વિધિનિષેધની આવી વિવિધતાઓ છતાં બધા ગ્રન્થો કંઈ રસિક નથી. કારણકે એમાં ઘણાં વાક્યો એક ને એક સ્વરૂપે ને શુષ્ક ભાવે વારંવાર આવ્યે જાય છે અને દરેક વિધિને અન્તે સુન્દર સુભાષિતો કે એક બે દષ્ટાન્તો આપ્યાં હોય છે, તે જુદે સ્વરૂપે હોય છે. શાસ્ત્રગ્રન્થોમાં જે કથાઓ કહી છે તે પણ નિરસ અને લાંબી હોય છે. ઘણા ખરા ધર્મગ્રન્થોનું વિશિષ્ટ લક્ષણ તો એ છે જે તેમાં અનેકાનેક પુનરુક્તિઓ આવે છે અને શબ્દોના જડ પદ્ધતિએ ચક્રાવા આવ્યે જાય છે. એ સ્થિતિ એટલી હદે પહોંચે છે કે તે ગ્રન્થોના મૂળ લેખકોને કે પ્રતો ઉતારનારને પણ એ શબ્દો ને વાક્યો આખાં ને આખાં વારંવાર ઉતારવાં જરૂરનાં લાગ્યાં નથી, એને બદલે તેમણે અમુક ચિહ્નો મૂક્યાં છે અને બીજા કોઈ ગ્રન્થમાંના અમુક રૂઢ વાક્યો અને પુનરુક્તિઓ મૂકીને વાચકને બાકીનો ભાગ પોતાની મેળે સમજી લેવાની વ્યવસ્થા કરી દીધી છે.**

સાહિત્યની દૃષ્ટિએ જોતાં ધર્મશાસ્ત્રોના ગ્રન્થોને ઊંચી કોટિમાં મૂકી શકાય એમ નથી. માત્ર શ્રોતાને જ નહિ, પણ વક્તાને પણ અતિશય નિરસ લાગે છે અને આજના વાચકને તેમાં એવો રસ તો ભાગ્યે જ આવે કે જેથી તેને અત્યાનન્દ થાય.

<u>સમીક્ષા:</u>

*જે આગમ ગ્રન્થોનું વાંચન કરવામાં અમને અત્યંત આનંદ આવે છે. એટલું જ નહીં, આગમના શ્લોકે શ્લોકે રહસ્યોનો અમને સાગર દેખાય છે. વાંચન અને અભ્યાસથી અમારા આત્માના શુભ અધ્યવસાયો ઉપર તરફ જાય છે. પ્રત્યેક શ્લોક ઉપર દિવસો સુધી અમે પ્રવચનો આપી શકીએ છીએ. પ્રત્યેક શ્લોકમાં પડેલા જીવંત પદાર્થોને સાંભળીને શ્રોતાઓ રસ-તરબોળ થાય છે, જીવનને શુદ્ધ બનાવવા પ્રયત્નશીલ બને છે. એવા ભગવાન સમાન આગમ ગ્રન્થો આ લેખકને શુષ્ક અને નિરસ લાગે છે. તેમાં તેમને અનેકાનેક પુનરુક્તિઓ ભાસે છે! આમાં દોષ આગમગ્રન્થોનો નથી, પણ લેખકનો છે. ભરવાડને તો રત્ન કાચનો ટુકડો જ લાગે ને? યોગ્યતા વિના અને ગુરુગમ વિના જાતે આગમગ્રન્થો વાંચનારની આ જ સ્થિતિ થાય ને? કાચા ઘડામાં પાણી ભરવામાં આવે ને ઘડો પણ ફૂટી જાય અને પાણી પણ જાય.*

*મૂળમાં કટ્ટર બ્રાહ્મણ અને જૈન ધર્મના કટ્ટર દ્વેષી એવા હરિભદ્ર પુરોહિતનું એક વખત હૃદયપરિવર્તન થયું. દ્વેષભાવ ઓગળી ગયો અને જૈનાચાર્યનાં ચરણોમાં પડી ગયા, એટલું જ નહીં સમર્પિત શિષ્ય બની ગયા. દીક્ષા લીધી અને ગુરુગમથી જૈનશાસ્ત્રોનો ગહન અભ્યાસ કર્યો. તેઓએ ૧૪૪૪ બીજા જૈન ગ્રન્થો લખ્યા. એક વખત તેમના મુખમાંથી એક શ્લોક સરી પડ્યો.*

कत्थ अम्हारिसा पाणी, दुसमा दोसदुसिया ।
ह्य अणाह्य कहं हुंता, न हुंतो जइ जिणागमो ।।

*(અર્થ : અરેરે ! જો જિનના આગમો ન હોત તો અમારા જેવા દુષમકાળ દૂષિત એવા જીવોનું શું થાત ?)*

*લાખો આત્માઓનો ઉધ્ધાર કરનાર એવા જૈન આગમગ્રન્થો માટે લેખકે જે વિચિત્ર અભિપ્રાય આપવાની હિંમત કરી છે, તે ખરેખર દુ:ખદ છે.* ***આવો Jainismus નામે બહાર પાડેલ ગ્રન્થ જલશરણ કરવાને યોગ્ય છે.***

*બીજી એક વાત એ છે, કે જૈન ધર્મના નિયમ અનુસારે કોઈને પણ આગમગ્રન્થોનો અભ્યાસ કરવો હોય તો પહેલાં સંસારથી વિરક્ત બની સંયમ લેવું પડે. તે પછી પણ તે તે ગ્રન્થના વાંચન માટે જે જોગ (વિશિષ્ટ તપ સાધના) શાસ્ત્રમાં બતાવ્યા છે તે ગુરુગમથી જાણીને કરવા પડે. તે સિવાય આગમગ્રન્થો વાંચવાનો કોઈને પણ અધિકાર નથી. લેખક અને બીજા ઘણા સંશોધકો સંશોધનના નામે આગમગ્રન્થો વાંચવા માંડ્યા છે તે બિનઅધિકાર ચેષ્ટા છે. કોઈ પણ સજ્જન માણસ હોય તે કોઈ પણ ધર્મના નીતિ-નિયમોનું ઉલ્લંઘન કરીને બિનઅધિકાર ચેષ્ટા કરે નહીં. જાતે આગમગ્રન્થો વાંચવા, પોતાની રીતે અર્થઘટનો કરવા અને મનસ્વીપણે અભિપ્રાયો બાંધવા- લખવા, આ બધું અન્યાય યુક્ત પગલું ગણાય.*

*આગમગ્રન્થો બાબતે આગળના લેખકના લખાણોમાં પણ ખૂબ ગરબડો છે. દા.ત. (પેજ નં.૧૦૨ પર)* ***બારમા દષ્ટિવાદનો લોપ થવા બાબતે લેખકે પોતાનો એવો અભિપ્રાય આપ્યો છે, કે***

કદાચ એમાંના (દૃષ્ટિવાદના) વિષય પાછળના જમાનાને રસિક નહીં લાગ્યા હોય, કારણકે તેમાં નષ્ટ થઈ ગયેલા વિરોધી સંપ્રદાયોના મતનું ખંડન હશે અથવા એમાંના વિષય બીજા ગ્રન્થોમાં વધારે સારી ને સ્પષ્ટ રીતે ચર્ચ્યા હોય, એથી એનો અભ્યાસ અટકી જવાથી તે લુપ્ત થઈ ગયા હોય.

આગમગ્રન્થો અને તેના ઇતિહાસ વિષે આ લેખક ખૂબ અજ્ઞાન છે, છતાંય अधित्य किंचिद्.... શ્લોકની માફક ગમે તે રીતે લખાણ કરી નાખ્યું છે.

## (ધાર્મિક અને વૈજ્ઞાનિક ગ્રન્થો)

પેજ નં-૧૧૭-૧૧૮:

**વળી भरत, सगर, राम, लक्ष्मण, रावण, बळदेव, कृष्ण, जरासंघ વગેરે બ્રાહ્મણમાન્ય પુરુષોને જૈનોએ પણ પોતાના માન્યા છે અને વળી બહુ ઊંચે સ્થાને મૂક્યા છે. આ અને બીજા પુરુષોના ઇતિહાસ જૈનોએ રામાયણમાંથી અને મહાભારતમાંથી લીધા છે ને પોતાનો હેતુ સાધવા તેમાં થોડો ઘણો પોતાને મનમાનતો ફેરફાર કરી લીધો છે; અને વળી એ લેખકો એ સૌ પુરુષોને જૈન માને અને તેમને જૈનરૂપે ઓળખે એ તો ઉઘાડી જ વાત છે. બ્રાહ્મણ સાહિત્યનો આધાર લઈને નવું સાહિત્ય રચવાના (કહેવું જોઈએ કે દુરુપયોગ કરવાના પણ) ઉત્સાહમાં જૈનોએ અનેક પુસ્તકો લખ્યાં છે.**

સમીક્ષા:

ભરત, સગર વગેરે ક્ષત્રિય રાજાઓ હતા. તેની સાબીતિ એ છે, કે તેઓ રાજાઓ હતા અને ઘણાં યુદ્ધો વગેરે કરેલ હતાં. બ્રાહ્મણ રાજા બને તેવું અથવા યુદ્ધો ખેલી વિશાળ સામ્રાજ્ય પ્રાપ્ત

કરે તેવું બનવાનો સંભવ ઘણો ઓછો છે. શ્રી ઋષભદેવથી માંડીને શ્રી મહાવીરસ્વામિ ભગવાન પણ ક્ષત્રિય હતા, તે નક્કી વાત છે. ભરત ચક્રવર્તી એ શ્રી ઋષભદેવ ભગવાનના જ સંસારી પુત્ર હતા. રામ, લક્ષ્મણ, ભરત થયા છે, તેઓ પણ ક્ષત્રિય હતા. તેથી લેખકની વાત ઠીક જણાતી નથી.

હકીકત એવી જણાય છે કે પૂર્વકાળમાં લોકોમાં રાજાને ભગવાનનો અંશ મનાતો હતો. (આ લોક માન્યતા હતી, જૈન માન્યતા નહીં.) ભરત, સગર વગેરે એવા પ્રતાપી ક્ષત્રિય રાજાઓ થયા છે, તેઓએ પ્રજા માટે ખૂબ કાર્યો કર્યા છે અને પાછળથી દીક્ષા વગેરે લેવાથી તેઓ લોકમાં પણ વિશેષ પૂજ્ય બન્યા. બધા જ લોકો તેઓને પોતાના માનતા હતા. (દા.ત. મારા સંસારી વતનના અજૈનો પણ મારા માટે 'અમારા મહારાજ' તેવો શબ્દપ્રયોગ કરે છે.) બીજી વાત એવી પણ છે, કે ભરત ચક્રવર્તી જે ૮૪૦૦૦ શ્રાવકોની રોજ ભક્તિ કરતા હતા તેઓનો વંશ પછીથી બ્રાહ્મણ બન્યો, તેથી પણ તેઓએ ભરત, સગર વગેરેને પોતાના માન્યા હોય.

અજૈન રામાયણોમાં હનુમાનને વાંદરા તરીકે માનવામાં આવે છે અને વાંદરાઓ યુદ્ધો ખેલે- વિજય મેળવે વગેરે વાતો શી રીતે મનાય? જૈન રામાયણ પ્રમાણે હનુમાનજી પિતા પવનંજય અને માતા અંજનાસુંદરીના અત્યંત પરાક્રમી ક્ષત્રિય રાજપુત્ર હતા અને તે જ બાબત યોગ્ય જણાય છે.

<u>*સમીક્ષા:.*</u>

*પેજ-૧૪૧ થી ૧૪૬ સુધીમાં સામાન્ય ભૂલોને છોડી દઈએ તો લેખકે જૈન સિદ્ધાંતો અને તેના કહેનારા સર્વજ્ઞોનો સ્વીકાર કરેલ છે. તેઓ પોતે લખે છે, કે 'જૈન તત્ત્વજ્ઞાનના આ મતને કારણે એ તો માનવું જ પડે કે સર્વજ્ઞ પુરુષો થઈ ગયા છે અને એમના આ મત ઉપર બ્રાહ્મણ પંડિતોએ પ્રચંડ પ્રહાર કર્યા છે.' લેખકના આ અભિપ્રાય પરથી પણ એ સ્પષ્ટ થાય છે, કે જૈન શાસ્ત્રોમાં ભરત, સગર વગેરે અંગે જે ઉલ્લેખો છે અને તેઓનાં જીવનચરિત્રો છે તે સત્ય છે. સર્વજ્ઞ પુરુષોને કદી અસત્ય બોલવાનો સંભવ નથી અને તેઓની શિષ્ય પરંપરામાં આવેલા મહાપુરુષો અન્ય ધર્મની કથાઓ પોતાના ધર્મના નામે જોડી દે, તે પણ શક્ય નથી તથા પ્રભુ મહાવીર દેવે કહેલ અને પરંપરાથી આવેલ ૨૪ તીર્થંકર ભગવંતો થયાની બાબત અને બીજી સર્વ બાબતો સત્ય છે. તે માટે ઐતિહાસિક બીજા પુરાવાઓની આવશ્યક્તા નથી. એવું જરૂરી નથી કે દરેક બાબતના ઐતિહાસિક પુરાવાઓ મળે જ. લાખો-કરોડો વર્ષ પહેલાંની હકીકતો માટે ઐતિહાસિક પુરાવાઓ શક્ય પણ નથી.*

*ઘુવડને સૂર્ય ન દેખાય, તેથી સૂર્યનું અસ્તિત્વ મટી જતું નથી. ભારતના વૈજ્ઞાનિક જગદીશચન્દ્ર બોઝે પ્રયોગો દ્વારા વનસ્પતિમાં જીવની સિદ્ધિ કરી બતાવી, તે પહેલાં વૈજ્ઞાનિકો 'જીવ'ને માનતા ન હતા. શું તે પહેલા 'જીવ' હતો જ નહીં?' એટલે જે વિજ્ઞાન માને તે જ અથવા વૈજ્ઞાનિકો કહે તે જ સત્ય હોય તેવું*

માનવાની ભૂલ ન કરાય. કોઈ પણ પ્રયોગ વિના, કોઈ પણ સાધન કે સંશોધન વિના 'વનસ્પતિમાં પણ જીવ છે' તે વાત પ્રભુ મહાવીર દેવે કહેલ, તે જ બતાવે છે કે તેઓ સર્વજ્ઞ હતા. વળી માત્ર 'જીવ છે' તેટલી જ વાત કરી નથી, જીવમાં કયા કયા ગુણધર્મો છે, ક્યાં ક્યાં જીવત્વ છે, પાંચ ઇન્દ્રિયોનું વિભાગીકરણ કયા જીવને કેટલી ઇન્દ્રિય હોય તેનું વર્ણન અને જીવ વિષે બીજી હજારો બાબતો પ્રભુ મહાવીર દેવે કહી છે. તે પ્રભુ મહાવીર દેવ સર્વજ્ઞ હતા તેની સાબિતી છે. હવે પ્રભુ મહાવીર દેવ વિષે, તેમના વચનો વિષે કે જૈન ધર્મ વિષે ખોટા અભિપ્રાયો આપવા, કુતર્કો લડાવવા, અહૂં-સહૂં પોતાની રીતે લખવું કેટલું ઉચિત છે?

પેજ નં-૧૪૭-૧૪૮:

**જૈન મત વેદાન્ત અને બૌદ્ધ એ બે દર્શનોની વચ્ચેનો માર્ગ લેવા પ્રયત્ન કરે છે, બંને મત અમુક અંશે સાચા છે, પણ એ બંનેએ પોતાના મત અતિદૂર સુધી તાણી ગયા છે એમ જૈનમત માને છે. તેથી એણે એ બંનેની વચ્ચેનો अनेकान्तवाद પ્રસિદ્ધ કર્યો. એ મતે પદાર્થ માત્ર કંઈક અંશે નિત્ય છે, કંઈક અંશે અનિત્ય છે એમ સ્વીકાર્યું.**

## સમીક્ષા:

વેદાન્ત અને બૌદ્ધ મતના કારણે અનેકાન્તવાદ જૈનદર્શનમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે, એવું લેખકનું મંતવ્ય બરાબર નથી. બે ભાઈ હોય અને તેમાં એક મોટો છે અને બીજો નાનો છે તે સાપેક્ષ બાબત છે. એટલે કે જે નાનો છે, તે મોટાની અપેક્ષાએ છે અને જે મોટો છે, તે નાનાની અપેક્ષાએ છે. પિતા પોતાના પુત્રની અપેક્ષાએ

છે અને પુત્ર પોતાના પિતાની અપેક્ષાએ છે. એટલે પિતામાં પિતાપણું અને પુત્રમાં પુત્રપણું સાપેક્ષ છે. એ જ પિતા પાછો પોતાના પિતાની અપેક્ષાએ પુત્ર છે અને એ જ પુત્ર પોતાના પુત્રની અપેક્ષાએ પિતા છે. આ સાપેક્ષવાદ કહેવાય. પિતા તે પિતા જ છે, પુત્ર વગેરે છે જ નહીં આવો એકાંત રાખી શકાય નહીં. એક જ પદાર્થમાં જુદી જુદી અપેક્ષાએ અનેક ગુણધર્મો હોય છે, તેથી સાપેક્ષવાદ અને અનેકાન્તવાદ બન્ને એક જ બાબત છે. સર્વજ્ઞો જગતનું જેવું સ્વરૂપ હોય છે તેવું જ વર્ણવે છે. જગતના દરેક પદાર્થોમાં અનેક ગુણધર્મો જુદી જુદી અપેક્ષાએ પ્રવર્તે છે, માટે સર્વજ્ઞોએ અનેકાન્તવાદ દર્શાવ્યો છે.

સોનાની પૂતળી હોય તે ગાળીને તેમાંથી હાર બનાવાય ત્યારે પૂતળી સ્વરૂપે નાશ, હાર સ્વરૂપે ઉત્પત્તિ અને તે બન્ને અવસ્થામાં સુવર્ણપણું તો વિદ્યમાન છે જ. એક લાકડાના ટુકડાને સળગાવી દેવામાં આવે ત્યારે લાકડા સ્વરૂપે નાશ, રાખ સ્વરૂપે ઉત્પત્તિ પણ પુદ્ગલ સ્વરૂપે વિદ્યમાનતા છે જ. આ રીતે ભગવાને જગતના દરેક પદાર્થોને સાપેક્ષવાદ/અનેકાન્તવાદ દ્વારા સ્યાદ્‌વાદ શૈલીથી સ્પષ્ટ કર્યા છે. આ વિષય અતિશય ગહન છે, તેને વિસ્તારપૂર્વક અને ઊંડાણપૂર્વક સમજવા માટે નયોના વિષયમાં ખૂબ ઊંડા ઊતરવું પડે.

આપણે આત્મ દ્રવ્ય માટે વિચાર કરીએ. એક વ્યક્તિના બાલ્યાવસ્થાનો ફોટો જુઓ અને યુવાવસ્થાનો ફોટો જુઓ. બન્ને ફોટામાં કેટલો મોટો ફરક છે! છતાં આત્મા તો તેનો તે જ છે. તેથી આત્મા નાશ પામતો નથી તે સ્વીકારવું પડે અને પ્રત્યેકપળે

પરિવર્તન પણ માનવું પડે. એનો મતલબ એ થયો કે 'આત્મા વિનાશી છે' એવું એકાંતે માનવું ભૂલ ભરેલું છે અને 'આત્મા શાશ્વત છે (અપરિવર્તનશીલ છે)' તેવું પણ એકાંતે માનવું ભૂલ ભરેલું છે. તેથી એકાંતવાદ વડે જગતનું સાચું સ્વરૂપ દર્શાવવું શક્ય નથી, તેથી સર્વજ્ઞો અનેકાંતવાદ દ્વારા જગતનું સ્વરૂપ સમજાવે છે. દ્રવ્યની અપેક્ષાએ આત્મા નિત્ય છે, અને પર્યાયની અપેક્ષાએ આત્મા અનિત્ય છે. મનુષ્ય ભવે કોઈનું મૃત્યુ થાય છે, તે પર્યાયની અપેક્ષાએ સત્ય છે. દ્રવ્યની અપેક્ષાએ વિચારીઓ તો આત્મા અવિનાશી છે. તેથી મરણ પછી અન્ય જન્મ પણ છે. એ જન્મ પણ પર્યાયની અપેક્ષાએ છે. દ્રવ્યની અપેક્ષાએ આત્મા ક્યારેય પણ જન્મ પામ્યો નથી. અલબત્ત આત્મદ્રવ્ય શાશ્વત છે, તેના સ્વરૂપોમાં પરિવર્તન ચાલ્યા જ કરે છે. આત્મદ્રવ્ય ક્યારેય ઉત્પન્ન થયું નથી એટલે કે આત્મદ્રવ્યથી વિપરીત જડતત્ત્વ છે. એવું ક્યારેય બનતું નથી કે જડતત્ત્વમાંથી આત્મદ્રવ્ય બને કે આત્મદ્રવ્યમાંથી જડ તત્વ બને. તે રીતે એવું પણ ક્યારેય બનતું નથી કે આત્મદ્રવ્ય જડતત્ત્વ બની જાય અને જડતત્ત્વ આત્મદ્રવ્ય બની જાય. આમ દરેક પદાર્થો પોતાના મૂળ સ્વરૂપને ત્યાગ્યા વિના પરિવર્તનશીલ છે, આ બાબત સ્યાદ્‌વાદ પદ્ધતિથી / અનેકાન્તવાદથી સમજી શકાય.

જો ઈશ્વરે આત્મા પેદા કર્યા હોય તો સવાલ થાય કે ઈશ્વરે શેમાંથી આત્મદ્રવ્ય બનાવ્યું ? કોઈક દ્રવ્યમાંથી તો બનાવ્યું જ હોય ને ? તો આત્મદ્રવ્યમાંથી બનાવ્યું કે જડદ્રવ્યમાંથી ? જો આત્મદ્રવ્યમાંથી બનાવ્યું હોય તો ઈશ્વરે આત્મા પેદા કર્યા છે તેવું ન કહેવાય. જો જડદ્રવ્યમાંથી બનાવેલ હોય તો તુરત સવાલ થાય કે, જડદ્રવ્ય શાશ્વત

હતું કે ઈશ્વરે બનાવેલ? જો શાશ્વત હતું તેમ કહો તો જીવદ્રવ્ય પણ શાશ્વત છે તેવું કહેવામાં માનવામાં શું વાંધો છે? જો જડદ્રવ્ય ઈશ્વરે બનાવેલ તેવું કહો તો શેમાંથી બનાવેલ? એ સવાલ પેદા થાય. અને તે અનવસ્થા ચાલ્યા કરે. તેથી ઈશ્વરે આત્મા કે વિશ્વ પેદા કર્યું છે, તેવી માન્યતા સાચી નથી.

સર્વજ્ઞો સર્વજ્ઞ હોવાથી આત્માની જ્ઞાનશક્તિથી દરેક દ્રવ્યોને અને તેમના ગુણ પર્યાયોને સ્પષ્ટપણે જુએ છે - તે જાણે છે. તે બધું જ પરમાત્માએ અનેકાન્તવાદ દ્વારા સ્પષ્ટ કરેલ છે.

એકમાત્ર સ્યાદ્‌વાદ / અનેકાન્તવાદ જ તીર્થંકર ભગવંતો સર્વજ્ઞ હતા તેની સાબિતી છે. આમ, આત્માની જેમ પુદ્‌ગલ દ્રવ્ય પણ અપેક્ષાએ નિત્ય છે અને અપેક્ષાએ અનિત્ય છે. અરે! આ વિશ્વ પણ અપેક્ષાએ શાશ્વત છે અને અપેક્ષાએ અશાશ્વત છે - અનિત્ય છે. આજના વિજ્ઞાને 'બીગ બેંગ થિયરી' કલ્પના આધારિત રજૂ કરેલ છે. તે પણ અસત્ય બાબત છે. (આ અંગે વિશેષ વાત મારા લખાયેલા 'લઘુ સંગ્રહણી' પુસ્તકમાં આપેલ છે.)

જે પ્રલય-સૃષ્ટિના વિનાશની વાતો આવે છે ત્યાં આખી પૃથ્વીનું વિસર્જન તેવો અર્થ કદી ન કરવો. પૃથ્વી પરના મકાનો વગેરેનો નાશ, ઝાડ-પાનનો નાશ, જમીનની ફળદ્રુપતાનો નાશ, મોટી સંખ્યામાં માનવો- પશુઓ વગેરેનો નાશ એવો અર્થ સમજવો. સંપૂર્ણ વિસર્જન તો કદાપિ થવાનું નથી. ભૂકંપ આવે અને ઘણા શહેરો-ગામડાઓ નકશામાંથી નાશ પામી જાય તેથી એમ માનવાની જરૂર નથી તે જમીનવિસ્તાર પણ સંપૂર્ણપણે વિનાશ પામી ગયો છે. વિશેષ તો શાસ્ત્રગ્રંથોને ગુરુગમથી ભણીને જાણવું.

પેજ નં-૧૫૫:

**ધર્મ અને અધર્મ બંને એક પ્રકારે ઈથર (Either) છે. એ ગતિના અને સ્થિતિના સહાયક છે.**

***<u>સમીક્ષા:</u>***

*અહીં લેખકે ધર્મ અને અધર્મ લખેલ છે, તે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યની વાત છે. ૧૯મી સદીમાં વૈજ્ઞાનિકોએ ઇથર (Either)ની કલ્પના કરેલ, પણ કોઈ પણ પ્રયોગોથી તેઓ સિદ્ધ કરી શકેલ નહીં અને ગતિસહાયક પદાર્થની કલ્પના છોડી પણ શક્યા નહીં, એટલે સાપે છછૂંદર ગળવા જેવો ઘાટ થયેલ.*

***એ ઈથરના સ્વરૂપની કલ્પના બાબતે ઘણાં પરિવર્તનો વિજ્ઞાન જગતમાં આવી ગયાં. છેવટે આઈન્સ્ટાઈને તેને અંતિમ સ્વરૂપ આપ્યું. જે પરમાત્મા મહાવીરદેવે ધર્માસ્તિકાયનું જેવું સ્વરૂપ જણાવેલ છે, તે મુજબ છે. તેથી મને પાક્કી શંકા છે, કે આઈન્સ્ટાઈને જૈન ધર્મ ગ્રંથોમાંથી જાણીને એ સ્વરૂપ જણાવેલ છે. ધર્માસ્તિકાય અદૃષ્ટ અતીન્દ્રિય પદાર્થ છે, તે સર્વજ્ઞતા પ્રાપ્ત કર્યા વિના જાણી શકવું મુશ્કેલ છે. (આ અંગે વિશેષ 'મારા લઘુ સંગ્રહણી' પુસ્તકમાં જણાવેલ છે.)***

પેજ નં-૧૫૬:

**તત્ત્વજ્ઞાનના ગંભીર વિચાર પ્રમાણે તો કાળ અનાદિ, અનન્ત, અચ્છેદ્ય, અખંડ પ્રવાહ છે, પણ એને સમજી શકાય એટલા માટે એમાં અસંખ્ય સમય માન્યા છે. એમાંનો એક સમય વર્તમાનકાળનો અને બાકીના ગમે તો ભૂતકાળના કે ગમે તો ભવિષ્યકાળના છે. બીજા બધા દ્રવ્યોની પેઠે કાળમાં પ્રદેશ હોતો નથી. તેથી કેટલાક**

જૈનદર્શની એને દ્રવ્યની ગણનામાં લેતા નથી. બીજા એને દ્રવ્ય માને છે અને કહે છે કે એના અસંખ્ય પરમાણુ એકમેક ઉપર ગોઠવાઈ જાય છે અને એકમેક સાથે મળી ગયા વિના એકમેક સાથે આકાશમાં રહી શકે છે. ગમે તેમ પણ એ अस्तिकाय નથી, કારણકે જીવ અને બીજા ચાર અજીવ તત્ત્વોની પેઠે એનામાં સંખ્યાત, અસંખ્યાત કે અનંત પ્રદેશ નથી.

<u>*સમીક્ષા:*</u>

*લેખકની આમાં ઘણી ભૂલો છે. ત્રણે કાળના સમય ગણીએ તો અસંખ્ય નહીં, પણ અનંત થાય. એકસાથે તો વર્તમાનનો એક સમય જ હોય છે. ભૂતકાળના સમયો પસાર થઈ ગયા છે અને ભવિષ્યકાળના સમયો હજુ આવેલ નથી. વિદ્યમાનતા તો એક જ સમયની હોય છે, માટે કાળને પ્રદેશસમૂહ ન હોય. મારાં 'સરળ નવતત્ત્વ'માં વ્યવહારકાળ અને નિશ્ચયકાળ અંગે સરળ સમજૂતી આપેલ છે. વિશેષ ત્યાંથી જાણવું.*

પેજ નં-૧૬૨:

દર્શનાવરણકર્મ - જીવને પોતાના શુદ્ધ સ્વરૂપમાં જોવાની જે શક્તિ હોય એના ઉપર આવરણ મૂકે છે એટલે કે પદાર્થને એના સાચા સ્વરૂપમાં, વિભાગ કે સમસ્તે, જોતાં એને અટકાવે છે.

<u>*સમીક્ષા:*</u>

*અહીં 'દર્શન' એટલે 'જોવું' એવો અર્થ નથી. <u>દર્શન એટલે પદાર્થ કે પદાર્થોના સામાન્ય ધર્મને જાણવાની આત્મશક્તિ.</u> (જ્ઞાન એટલે પદાર્થ કે પદાર્થોના વિશેષ ધર્મને જાણવાની આત્મશક્તિ. આત્માના જ્ઞાન ગુણ અને દર્શન ગુણ અંગે સરળ ભાષામાં જાણવા*

મારા વડે લખાયેલ 'દંડક પ્રકરણ' અને 'કર્મનું વિજ્ઞાન' જોવું)

પેજ નં-૧૬૨:

વેદનીયકર્મ-જીવને પોતાના શુદ્ધ સ્વરૂપમાં જે આનંદ હોય એના ઉપર આવરણ મૂકે છે. એ કર્મ જીવને સાંસારિક સુખમાં (साता) અને દુખમાં (असाता) નાખે છે; એટલે એના બે ભેદ છે.

## સમીક્ષા:

અર્થઘટન બરાબર નથી. જીવને ભૌતિક રીતે સાતા કે અસાતા આપનારું કર્મ વેદનીય કર્મ છે. આ કર્મ આત્માના શુદ્ધ સ્વરૂપને / આત્મગુણોને દબાવવાનું કામ કરતું નથી. જે ઘાતી કર્મો છે, તે જ આત્મગુણોને દબાવવાનું / આવરવાનું કામ કરે છે. વેદનીય વગેરે ૪ અઘાતી કર્મો આત્મગુણો ઉપર અસર કરતા નથી. મોહનીય કર્મ ઉપર વિજય મેળવનારા મહાપુરુષો ભૌતિક રીતે સાતા વર્તે કે અસાતા વર્તે તો તેમાં સમભાવ રાખી શકે છે, પણ જે આત્માઓ મોહાધીન હોય છે, તેઓ ભૌતિક રીતે સાતા વર્તે, તેમાં રતિ કરે છે અને અસાતા વર્તે તેમાં અરતિ કરે છે. રતિ-અરતિ એ મોહનીય કર્મના કારણે છે. મોહાધીન આત્માઓને થોડું દુ:ખે (અસાતાનો ઉદય) ત્યારે અરતિ કરે છે, જ્યારે ગજસુકુમાલ મુનિ જેવા મહાત્માઓના માથે અંગારા મુકાણા, તોપણ લેશમાત્ર અરતિ કરી નથી. અસાતા વેદનીયનો ઉદય હોવા છતાં મોહનીય કર્મ ઉપર વિજય મેળવવાના કારણે સંતપ્ત ન થયા. મોહાધીન કરોડોપતિઓ પાસે ભૌતિક રીતે સાતા વર્તે તેવી અનેક સુખસામગ્રીઓ હોવા છતાં તેઓ મોહાધીનતાને કારણે સંતપ્ત અને અતૃપ્ત રહેતા

આપણને જોવા મળે છે. ટૂંકમાં, આત્મિક આનંદને નષ્ટ કરનાર અસાતા વેદનીય કર્મ નથી, પરંતુ મોહનીય કર્મ છે. જુદા જુદા કર્મના જુદા જુદા કાર્યો અને આત્મગુણોને વ્યવસ્થિત રીતે સમજીએ તો અનુપ્રેક્ષાના સ્તર ઉપર પહોંચીને વિશ્વના તમામ જીવોની તમામ પરિસ્થિતિઓને જાણી શકીએ.

પેજ નં-૧૬૨:

**મોહનીયકર્મ - જીવને પોતાના સાચા જ્ઞાનથી (શ્રદ્ધાથી) અને સાચા ચારિત્રથી દૂર રાખે છે. એના બે વર્ગ છે અને એકંદરે ૨૮ ભેદ છે દર્શનમોહનીય કર્મ ધાર્મિક જ્ઞાન ઉપર આવરણ મૂકે છે. મિથ્યા, મિશ્ર કે સમ્યક્ રુપે એ આવરણ મુકાય છે, એને અનુસરીને એના ત્રણ ભેદ છે. चारित्र मोहनीय કર્મ જીવને ધાર્મિક વિધિએ ચાલતાં રોકે છે.**

*સમીક્ષા:*

*આ અર્થઘટન બરાબર નથી. દર્શન મોહનીય કર્મનું કાર્ય વિચાર ભ્રષ્ટ કરવાનું છે અને ચારિત્ર મોહનીય કર્મનું કાર્ય આચારભ્રષ્ટ કરવાનું છે. આ અંગે વિશેષ જાણકારી માટે મારા વડે લખાયેલ 'કર્મનું વિજ્ઞાન' વાંચવું.*

*આ સિવાય પણ અધ્યાય - ૪માં અનેક સ્થળે નાની-મોટી ભૂલો ઘણી છે, ઘણે સ્થળે અર્થઘટન પણ બરાબર કરેલ નથી.*

## (અધ્યાય-૫મો: સંઘ)

પેજ નં-૩૨૫-૩૨૬:

**જુદી જુદી નાતોની ઉચ્ચનીચતા આજના હિન્દુઓ જે રીતે માને છે, તેથી જુદી જ રીતે પ્રાચીન કાળે જૈનો માનતા. એ ધર્મ સદા બ્રાહ્મણવિરોધી હતો, તેથી સમાજમાં ક્ષત્રિયને પ્રથમ પદે સ્થાપતો અને બ્રાહ્મણને ક્ષત્રિયની નીચે માનતો. મહાવીરના જન્મપ્રસંગમાં આનું સ્પષ્ટ પ્રમાણ શ્વેતામ્બર કથાઓ આપે છે. કથા કહે છે કે ચરમતીર્થંકર પ્રથમ તો બ્રાહ્મણ માતાને પેટે ઉત્પન્ન થયા હતા, પણ પછી તેમને ક્ષત્રિયમાતાની કુખમાં લઈ જવામાં આવ્યા, કારણકે ઈન્દ્રે વિચાર્યું કે તીર્થંકરો "અન્ત કુળને વિષે, નીચ કુળને વિષે, દરિદ્ર કુળને વિષે, ભિક્ષુક કુળને વિષે, બ્રાહ્મણ કુળને વિષે કદાપિ જન્મ લે નહીં, પણ માત્ર ઉગ્ર કુળને વિષે, ભોગ કુળને વિષે, રાજકુળને વિષે જ લે.'' "**

સમીક્ષા:

*આ રજૂઆત બરાબર નથી. સમાજમાં જે ઉચ્ચ-નીચતા છે, તે કર્મસર્જિત છે તેમ જૈનદર્શનમાં જણાવેલ છે. જૈન ધર્મ કદી કોઈનો વિરોધી ન હોય, કેમ કે જૈન ધર્મ માત્ર આંતરશત્રુઓ એટલે કે દોષોના નાશ માટે છે. તેથી જૈન ધર્મ બ્રાહ્મણ વિરોધી છે, તેમ કહેવું ખોટું છે. જૈન ધર્મ સમાજમાં ક્ષત્રિયને પ્રથમ પદે સ્થાપતો અને બ્રાહ્મણને ક્ષત્રિયની નીચે માનતો, આવું કથન પણ ખોટું છે. કેમ કે પરમાત્મા મહાવીરદેવના પ્રથમ ૧૧ શિષ્યો બ્રાહ્મણ હતા. અને આખું શાસન પ્રભુએ ગણધરોને જ સોંપેલ. જૈનો પરમગુરુ તરીકે પ્રથમ ગણધર ગૌતમસ્વામીને માને છે. માત્ર વાત એટલી*

છે, કે લોકસ્થિતિ જ એવી છે કે તીર્થંકરો સંસારી અવસ્થામાં હંમેશા ક્ષત્રિય રાજકૂળમાં જ જન્મ લે છે, પરંતુ પ્રભુ મહાવીર દેવે મરીચિના ભવમાં જાતિ મદ કરેલ ત્યારે જે કર્મ બંધાયેલ તેના કારણે તેઓ ક્ષત્રિયાણીના બદલે બ્રાહ્મણીની કુક્ષિમાં આવ્યા. કુક્ષિમાં આવ્યે ૮૨ દિવસ પસાર થયે એ કર્મ પૂરું થવાથી ઇન્દ્રનું સિંહાસન ચલાયમાન થયું, ઇન્દ્રે ઉપયોગ મૂક્યો, ત્યારે ઇન્દ્રને ખ્યાલ આવ્યો કે તીર્થંકરનો આત્મા બ્રાહ્મણીની કુક્ષિમાં છે. તીર્થંકર માટે આવું બનવું શક્ય નથી, પણ કર્મવશ બન્યું છે. એ કર્મ પૂર્ણ થયેલ છે તેથી ઇન્દ્રે પોતાનું કર્તવ્ય સમજી ગર્ભાપહાર કરી, તેઓને ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષિમાં મૂક્યા.

<u>ઉચ્ચકૂળ અને નીચકૂળની સ્થિતિ જગતમાં જે છે, તે કર્મોના કારણે છે અને એ વાસ્તવિકતાનું દર્શન પ્રભુએ કર્મના સિધ્ધાંત દ્વારા કરાવેલ છે.</u> બાકી બ્રાહ્મણ વગેરે કોઈ પણ જ્ઞાતિની વ્યક્તિ જો વૈરાગ્યભાવ પ્રગટ થાય અને ગુરુને યોગ્યતા લાગે તો તેઓ દીક્ષા લઈ શકે છે. એટલું જ નહીં, ભવિષ્યમાં તેઓ અનેક શિષ્યોના ગુરુ પણ બની શકે છે અને ગુરુ તરીકેના સર્વોચ્ચપદે પણ સ્થાપિત થઈ શકે છે. પ્રભુ મહાવીર દેવના શાસનમાં ૧૧ ગણધરો, શય્યંભવસૂરિ, સિદ્ધસેન દિવાકરસૂરિ, ૧૪૪૪ ગ્રન્થના રચયિતા હરિભદ્રસૂરિ, ઉપમિતિ ગ્રન્થના રચયિતા સિદ્ધર્ષિ ગણિ, તત્ત્વાર્થાધિગમ સૂત્રના રચયિતા ઉમાસ્વાતિ મહારાજ વગેરે અનેક બ્રાહ્મણ જૈનાચાર્યો થઇ ગયા છે. જો જૈન ધર્મ બ્રાહ્મણ વિરોધી હોત તો તેઓને દીક્ષા આપવાની મનાઈ હોત અને આચાર્ય વગેરે ઉચ્ચપદ આપવાની પણ મનાઈ હોત. પણ તેવું કંઈ પણ જૈનધર્મમાં

નથી. પ્રભુ મહાવીર દેવ કર્મસ્થિતિના કારણે ૮૨ દિવસ બ્રાહ્મણીની કુક્ષિમાં રહે અને પછી ક્ષત્રિયાણીની કુક્ષિમાં રહે, તેટલા માત્રથી તથા ઇન્દ્રને આવેલ વિચાર માત્રથી તથા તેમના શિષ્યો- ગણધરો બ્રાહ્મણ થયા હોય તેટલા માત્રથી લેખકે કેવી ઊંધી કલ્પના કરી દીધી છે!

લેખકે આગળ જૈનોના જ્ઞાતિના રીત-રીવાજોને જૈનધર્મના જ અંગરૂપે ગણી લઇને વર્ણન કરેલ છે, તે લેખકની અજ્ઞાનતા છે. જૈનધર્મને જ્ઞાતિ સાથે કે તેના રીત-રીવાજો સાથે કોઈ જ સંબંધ નથી. પણ વ્યક્તિ જૈન ધર્મ પાળતો હોય તેથી તે જૈન કહેવાય અને સાથે પોતાની જ્ઞાતિના રીત-રીવાજો પણ પાળતો હોય, તેથી તે જે રીત-રિવાજો પાળે તે જૈન ધર્મના અંગભૂત ન ગણાય, જૈન ધર્મ કોઈપણ મનુષ્ય પાળી શકે છે. એ ધર્મ છે, એ જ્ઞાતિ નથી - સમાજ નથી - પ્રજાવાચક શબ્દ પણ નથી. <u>એક ખુલાસો જૈનો પ્રજા તરીકે હિન્દુ જ છે, પણ ધર્મ તરીકે જૈન છે. હિન્દુ એ ધર્મવાચક શબ્દ નથી, પણ પ્રજાવાચક શબ્દ છે. હિન્દુ પ્રજામાં જૈન, શીખ, વૈદક વગેરે અનેક ધર્મ પાળનારા છે. લેખક પરદેશી હોવાથી તેઓને આ સમજ ન હોય, તે તો સમજ્યા પરંતુ ઘણા બુદ્ધિજીવી જૈનો પણ આ બાબત સમજતા નથી. પ્રજાની દૃષ્ટિએ જૈનો હિન્દુ પ્રજા સાથે જોડાયેલા છે, ભલે ધર્મ જૈન ધર્મ પાળતા હોય. તેથી જ જ્ઞાતિના કેટલાક રીત રિવાજો અને લગ્નાદિ સાંસારિક વ્યવહારોમાં સામ્યતા દેખાય છે. પણ એ રીત રીવાજો કે લગ્નાદિ સંસારના વ્યવહારો એ કંઈ જૈન ધર્મનું અંગ નથી. હા... જાગૃત જૈનો-ધર્મથી પરિણામ પામેલા જૈનો પોતાના સંસારના વ્યવહારોમાંથી મોહના</u>

ઝેર ઓછા કરવા માટે એ વ્યવહારોમાં પણ ધર્મને ઘુસાડે છે અને તે તો સારી વાત છે, પણ તેથી એ વ્યવહારો જૈન ધર્મનું સ્વરૂપ બનતા નથી.

જીવોમાં મનુષ્ય, પશુ, પંખી વગેરે ઘણા ભેદ છે. મનુષ્યમાં પણ ભારતીય, અમેરિકન, આફ્રિકન વગેરે ઘણા ભેદ છે. ભારતીયમાં હિન્દુ, મુસલમાન, પંજાબી વગેરે ઘણા ભેદ છે. હિન્દુમાં (ધર્મની દૃષ્ટિએ) જૈન,શીખ, વૈદક વગેરે ઘણા ભેદ છે. જૈનોમાં કચ્છી, ગુજરાતી, રાજસ્થાની વગેરે ભેદો છે. તે કચ્છ, ગુજરાત, રાજસ્થાન વગેરેના વસવાટના કારણો વ્યવહારમાં કહેવાય છે.તેમાંય અનેક પેટાજાતિઓ પણ હોય છે, પણ તે બધા જ ધર્મની દૃષ્ટિએ 'જૈન' જ કહેવાય. માટે લેખકે જૈન ધર્મના વિષયમાં તથા પ્રભુ મહાવીર દેવે સ્થાપેલ ચતુર્વિધ સંઘના વિષયમાં જ્યાં જ્યાં જ્ઞાતિઓ, તેના રીત-રીવાજો વગેરેનું વર્ણન કરેલ છે. તે લેખકની પાયાની અજ્ઞાનતા જ કારણભૂત છે.

લેખકે આગળ 'સંઘનું બંધારણ' (પેજ નં.૩૩૮થી ૩૫૪) તે વિષયમાં સંઘના વિશિષ્ટ અને અદ્‌ભૂત કક્ષાના બંધારણની વાત કરવાના બદલે ગમે તે રીતનું લખાણ કરી દીધું છે, કોઈક પતિત સાધુનો પ્રસંગ પણ મૂક્યો છે. અલબત્ત લેખકે વાચકોને ગેરમાર્ગે દોરવાનું કામ કર્યું છે. ધર્મની જે વાસ્તવિકતા - સ્વરૂપ હોય તે જણાવવાને બદલે કોઈકની વ્યક્તિગત વાત કરવી તે યોગ્ય ન ગણાય. આ વિષયનું લેખકનું લખાણ કોઈ પણ જૈન વાંચે તો તે સમજી જાય કે લેખક જૈન ધર્મ અને જૈનોની વિશિષ્ટતા વિષે પૂરું જાણ્યા વિના ઉપરછલ્લું ક્યાંક જોવા કે જાણવા મળ્યું, તે લખી

નાખ્યું છે. સિંહથી ભરેલા વનના શરૂના થોડા પ્રદેશમાં ઉંદરોની દોડા-દોડ જોઈને કોઈ કલ્પના કરી નાખે કે આ જંગલ 'ઉંદરો'નું જંગલ છે, તેવી વાત છે.

## (અધ્યાય-૬ કર્મકાણ્ડ)

<u>સમીક્ષા:</u>

અહીં 'કર્મકાણ્ડ' શબ્દ વાપરવો ઠીક નથી. જૈન ધર્મના ક્રિયાયોગ છે, પણ ક્રિયાકાણ્ડ કે કર્મકાણ્ડ નથી. मोक्षेण योजनात् योग : જે ક્રિયા- આરાધના વગેરે આત્માને મોક્ષ સાથે જોડે તે ક્રિયા યોગ કહેવાય.

આગળ મૂર્તિપૂજા વિષે લેખકે શંકા ઉઠાવી છે, તે પણ યોગ્ય નથી. ઘણા આગમગ્રંથો વગેરેમાં મૂર્તિપૂજાની વાત અને તેની વિધિ વિષે વાતો આવે છે. કુમારપાળ રાજાએ પૂર્વભવમાં ૧૮ પુષ્પથી પૂજા કરેલ તે વાત પણ શાસ્ત્રગ્રંથોમાં છે. જેમ માતાની ગેરહાજરીમાં (સ્વર્ગવાસ બાદ) માતાના ફોટાને જોઈને સુપુત્રને માતાનું સ્મરણ થાય છે અને સ્પંદનો ઊઠે છે તેમ પરમાત્માની ગેરહાજરીમાં તેમની પ્રતિમાના આલંબનથી ભગવાનનું સ્મરણ થાય છે, ભગવાનના સ્વરૂપનો ખ્યાલ આવે છે અને અધ્યાત્મના કંડક સ્થાનો ઉપર ઊઠે છે. જૈન ધર્મમાં આપેલ સ્વરૂપ હિંસા-અહિંસા અને અનુબંધ હિંસા-અહિંસાનું સ્વરૂપ બરાબર જાણવામાં આવે તો મૂર્તિપૂજા વગેરે બાબતે જે પ્રશ્નો ઊઠે તેનું સુંદર નિરાકરણ થઈ શકે છે. <u>જે ક્ષેત્રોમાં સાધુઓનું વિચરણ નથી અથવા અલ્પ છે, ત્યાં પણ જૈનોમાં જૈન ધર્મ પણ ઓછા-વત્તા અંશે ટકી રહેવાનું કારણ જિનાલયો છે.</u> અનેક પ્રાચીન તીર્થો અને પ્રાચીન જિનપ્રતિમાઓને જોયા પછી મૂર્તિપૂજા વિશે શંકા કરવી તે મૂર્ખામી છે. કોઈ એવો પંથ નીકળી પડે અને જિનપ્રતિમાનો નિષેધ કરે તેથી સત્ય વસ્તુ શંકાયુક્ત બનતી નથી.

પેજ નં-૪૧૭-૪૧૮:

**અહીં વર્ણવેલા જાદુપ્રયોગો અને રિવાજો ઉપરાંત બીજા પણ અનેક વહેમો જૈનો માને છે, પણ તે બધા અહીં વર્ણવવાનું પ્રયોજન નથી. વળી ભરતખંડમાં જૈનો અનેક રીતે મેલી વિદ્યાના જાણનાર મનાય છે. જેમ્સ ટૉડ (James tod ) એમને વેદિયવાન અથવા રાજસ્થાનનો મગી (magi)'' કહે છે. તે તેમને વિષે વર્ણન કરે છે કે તેઓ જાદુવિદ્યામાં બહુ પડ્યા છે એવો આરોપ વારંવાર લોકો મૂકે છે[૫૮] તેવો જ આરોપ દક્ષિણ ભારતમાં જૈનો ઉપર મૂકવામાં આવે છે એમ મદુરાસ્થલ પુરાણ નામે મદુરાના મંદિરનો ઇતિહાસગ્રંથ વાંચવાથી જણાશે.''**

***સમીક્ષા:***

*લેખકની આવી વાતો ગેરસમજ ઊભી કરે છે. જાદુપ્રયોગો, કેટલાક લૌકિક રિવાજો કે વહેમો એ જૈન ધર્મનો વિષય નથી. સામાન્ય રીતે સત્ત્વના અભાવે જીવો દુ:ખ-સંકટના પ્રસંગોમાં ખોટી અંધશ્રદ્ધાઓમાં પડી જાય છે. જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન તો સમજાવે છે, કે દુ:ખમાં ડગવું ન જોઈએ, દુ:ખથી ડરવું પણ ન જોઈએ, આવતા દુ:ખો તો સારા છે, તેમાં સમભાવ રાખવો, સમભાવ રાખવાથી ચિત્તની પ્રસન્નતા જળવાશે અને વિપુલ કર્મોનો ક્ષય થશે. સુખના લંપટ ન બનો. સંતોષી બનો. સુખની આકાંક્ષાથી અતૃપ્તિ વધશે, માનસિક સંતાપ વધશે, સુખ મેળવવા અનીતિ-અન્યાય-વિશ્વાસઘાતાદિ પાપો ઊભાં થશે, જીવન બગડશે, કર્મબંધન થશે, જીવ દુર્ગતિ અને દુ:ખો પામશે. આ જૈન ધર્મની વાત છે.*

કોઈ જૈન ખોટું કરે, અંધશ્રદ્ધા કે વહેમમાં પડી જાય તેટલા માત્રથી તે જૈન ધર્મનો વિષય બનતો નથી.

બીજું, ભારતમાં ધર્મ ભલે જુદા જુદા છે, પરંતુ સમાન સંસ્કૃતિ છે. સંસ્કૃતિનાં તત્ત્વો કંઈ સામાન્ય નથી. મા-બાપની સેવા કરવી, અનાચાર ન સેવવો, જુગાર- વ્યસન ન કરવા, બ્રહ્મચર્યના પાલન માટે મર્યાદાઓ પાળવી વગેરે અનેક સંસ્કૃતિનાં તત્ત્વ છે. લગ્નવ્યવહાર પણ સંસ્કૃતિનો વિભાગ છે. જે આત્માઓ વૈરાગી નથી, તેઓ દુરાચારનો ભોગ ન બને તે માટે લગ્નવ્યવહાર છે. તે વડે સ્ત્રી માટે પતિ સિવાય બધા પુરુષો ભાઈ/ પિતા સમાન છે અને પુરુષ માટે પોતાની પત્ની સિવાય બધી જ સ્ત્રીઓ બેન/મા સમાન છે. આ ભાવના તેમાં પડેલી છે. 'પરધન પત્થર માનીએ, પરસ્ત્રી માત-સમાન' આ સંસ્કૃતિનું તત્ત્વ છે. ધર્મ કહે છે સંસારથી વિરક્ત બનો અને સંયમી સાધુ બનો. સંસ્કૃતિ કહે છે, સાધુ બની શકાય તેમ ન હોય તો પરસ્ત્રીને માત સમાન માનીને ચાલજો. ધર્મ કહે છે પૈસો તે પાપ છે. ધન-સુખની કામનાથી વિરક્ત બનો, સંસ્કૃતિ કહે છે પરધનને પત્થર સમાન માનો. ભારતીય સંસ્કૃતિ ધર્મને સાપેક્ષ છે એટલે કે ધર્મની વૃદ્ધિ કરનારી છે. બીજું, ભારતમાં જે રીત-રિવાજો છે, તેમાં કેટલીક બદીઓ જરૂર ઘૂસી છે, પણ બધા જ રીત રિવાજો ખોટા છે- વહેમ છે- અંધશ્રદ્ધા છે એમ કહીને તોડી પાડવાની વાત મૂર્ખામી ભરેલ છે. કેમ કે તેવા રિવાજો પાછળ જબરજસ્ત રહસ્યો પણ છૂપાયેલા છે. જૈનો જાદુવિદ્યામાં પડ્યા છે, તેવી લેખકની વાત જાણીને આશ્ચર્ય થાય છે. કોઈ ખોટો આરોપ ચડાવે, તે સત્ય માની ન લેવાય. હા.. પૂર્વકાળમાં જૈન

સાધુઓ પાસે વિશિષ્ટ મંત્ર શક્તિઓ અને આધ્યાત્મિક શક્તિઓ હતી. તેનો ઉપયોગ શાસનની રક્ષા કરવા માટે કરવામાં આવતો હતો.

આગળ શ્રાવક ધર્મના વિભાગમાં લેખકે ગર્ભ અંગેના, લગ્ન અંગેના, મરણ અંગેના જ્ઞાતિ- સમાજ- સંસારના રીત રિવાજોને પણ મૂકી દીધા છે. લેખક એ સમજતો નથી કે તે શ્રાવક ધર્મના વિભાગમાં ન આવે. શ્રાવક ધર્મના વિભાગમાં ૧૨ વ્રતો, ભક્ષ્યા-ભક્ષ્યનો વિવેક, કર્માદાનના ધંધાનો ત્યાગ, પર્યુષણના કર્તવ્યો, વાર્ષિક કર્તવ્યો વગેરે બાબતો આવે તથા સંસારના વ્યવહારો સાચવવા જ પડે તેમ હોય ત્યારે પણ તેમાં હેયતા (કરવા યોગ્ય નથી, ન છૂટકે કરવા પડે છે) વિચારવાનું જૈન ધર્મ સમજાવે છે.

## (અધ્યાય-૭ સમાપ્તિ)

પેજ નં-૪૫૨:

**આ દષ્ટિએ જૈન ધર્મને પણ કોઈ અમુક વર્ગમાં મૂકવાનો કોઈ પ્રયત્ન કરે, તો એને નિરીશ્વરવાદી, મનુષ્ય પૂજક, આધ્યાત્મિક, નૈતિક, સંસારત્યાગી, ઉદાસીન, નિર્વાણધર્મ માને.**

*__સમીક્ષા:__*

*જૈન ધર્મ 'નિરીશ્વરવાદી છે' એ માન્યતા ખોટી છે. જૈન ધર્મ અને જૈનો ઈશ્વર (ભગવાન)ને માને છે, પણ 'ભગવાન સૃષ્ટિના સર્જક છે' એવું માનતા નથી. જો ઈશ્વરે સૃષ્ટિનું સર્જન કર્યું હોય તો ઈશ્વરનું સર્જન કોણે કર્યું? તે પ્રશ્ન ઊભો થાય. વળી, ઈશ્વર પોતે આત્મદ્રવ્ય છે કે તેથી ભિન્ન છે? જો આત્મદ્રવ્યથી ભિન્ન હોય તો કાં જડ હોય કાં અન્ય જ કોઈ સ્વરૂપે હોય. અન્ય કોઈ સ્વરૂપ હોય તો તે કેવું છે? જો આત્મદ્રવ્યથી ભિન્ન ન હોય તો તેઓ આપણી જેમ રાગ-દ્વેષવાળા છે કે રાગ-દ્વેષથી મુક્ત છે? જો રાગ-દ્વેષવાળા હોય તો તેઓમાં અને આપણામાં ફરક રહેતો નથી અને જો રાગ-દ્વેષથી મુક્ત હોય તો પૃથ્વીનું સર્જન કરવું, જીવો ઉત્પન્ન કરવા, કોઈને સુખમાં નાખવા, કોઈને દુ:ખમાં નાખવા આવી પ્રવૃત્તિ ઈશ્વર કરે નહીં. આ રીતે તર્કથી પણ સમજી શકાય તેમ છે કે ઈશ્વર સૃષ્ટિનું સર્જન કે વિનાશ કરે નહીં.*

*જૈનદર્શન પ્રમાણે સૃષ્ટિ અપેક્ષાએ શાશ્વત છે અને તેમાં છ પ્રકારના દ્રવ્યો છે, જે વાત આગળ જણાવી દીધી છે. આત્મા પોતે કર્મથી અને રાગ-દ્વેષ વગેરે દોષોથી મુક્ત બની પોતાનું શુદ્ધ આત્મ સ્વરૂપ પ્રાપ્ત કરે ત્યારે તે પરમાત્મા (ભગવાન) કહેવાય.*

કોઈ પણ જીવ પોતાનું મૂળ (પરમાત્મ) સ્વરૂપ પ્રાપ્ત કરી શકે છે. તે માટેનું માર્ગદર્શન એટલે જૈનદર્શન. આ માર્ગદર્શન પણ ૪ ઘાતી કર્મોનો ક્ષય કરીને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર (રાગ-દ્વેષ વગેરેથી સંપૂર્ણપણે મુક્ત આત્મસ્થિતિ) અને અનંત વીર્ય આ આત્મગુણોને પ્રાપ્ત કરનાર અરિહંત ભગવંતો તથા અન્ય સર્વજ્ઞ બનેલ મહાત્માઓ આપે છે. અરિહંત ભગવાનની વિશિષ્ટ ઓળખ મેળવવા માટે 'નમુત્થુ ણં' સૂત્રનો અર્થ સમજવો જોઈએ. (મારા વડે લખાયેલ 'ચાલો સૂત્રોના અર્થ સમજીએ' તેમાં છે.)

આમ ભગવાન એ જગતના સર્જક નથી, પણ જગતના દર્શક છે. માટે ભગવાનને જગત્કર્તા ન માનતા, જગત્દર્શક તરીકે ઓળખવા જોઈએ. ભગવાને જે વિધિ-નિષેધ રૂપ માર્ગ બતાવેલ છે તેનો આદર કરવાથી અને તે પ્રમાણે ચાલવાથી આત્મા કર્મબંધનથી મુકાતો જાય છે અને અંતે પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરે છે. જેમ ભયાનક ગીચ જંગલમાં કોઈ ભૂલો પડ્યો હોય ત્યારે કોઈ જંગલના એકેએક માર્ગને જાણનારો નગરમાં જવાનો રસ્તો બતાવે, ત્યારે તે મુજબ ચાલવાથી નગર પ્રાપ્ત થાય અને સ્વભાવની અવળચંડાઈથી તેનો અનાદર કરીને આડા માર્ગે ચાલવાથી જંગલમાં ક્યાંય ને ક્યાંય ભૂલા પડી જવાય. તે રીતે જગત્દર્શક ભગવાનની આજ્ઞાને પાળવાથી શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરી શકાય છે. આત્મિક સુખના ભોક્તા બની શકાય છે. आज्ञा राद्धा विराद्धा च शिवाय च भवाय च । આજ્ઞાની આરાધના કલ્યાણ માટે અને આજ્ઞાની વિરાધના ભવભ્રમણ માટે થાય છે.

જૈનદર્શન પ્રમાણે અત્યાર સુધીના અનંતકાળમાં અનંતા આત્માઓએ ભગવાનની આજ્ઞા મુજબ ધર્મપુરુષાર્થ કરીને પોતાનું

મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરેલું છે. આપણે પણ આપણો નંબર લગાડી શકીએ છીએ. બીજી એક સ્પષ્ટતા એ કરવાની કે અરિહંતોએ ૪ ઘાતી કર્મોનો ક્ષય કરેલ છે. હવે તેઓના આયુષ્યકર્મ વગેરે ૪ અઘાતી કર્મોનો ક્ષય ન થાય ત્યાં સુધી તેઓ શરીરધારી હોય છે, પૃથ્વીતલ ઉપર વિચરે છે, ઉપદેશ પણ આપે છે. ૪ અઘાતી કર્મો નાશ થતાં તેઓનો આત્મા દેહ છોડી દે છે. અલબત્ત નિર્વાણ પામી મોક્ષ સ્થાને સ્થિર થાય છે. તેઓ સિદ્ધ ભગવાન બને છે. આ રીતે અન્ય કેવળી ભગવંતો (૪ ઘાતી કર્મોનો નાશ કરનાર મહાત્માઓ વગેરે) પણ બાકી ૪ અઘાતી કર્મો નાશ પામતાં સિદ્ધ ભગવાન બને છે. સિદ્ધ ભગવાનને શરીર હોતું નથી, તેઓ કદી કર્મબંધન કરતા નથી, તેથી કદી ફરી જન્મ લેવો પડતો નથી.

આમ જૈનદર્શનને નિરીશ્વરવાદી કે મનુષ્યપૂજક કહેવું તે અજ્ઞાનતા છે.

આગળના લખાણમાં લેખકે ઘણી ભૂલો કરી છે. (પેજ નં.૪૫૨ થી ૪૭૧)

પૂજ્યપાદ પંન્યાસશ્રી ચન્દ્રશેખર વિજયજી મ.સાહેબના શિષ્ય
મુનિશ્રી મલયકીર્તિ વિજયજી મ.સાહેબ દ્વારા લિખિત-સંપાદિત

# ઘર ઘરમાં અત્યંત ઉપયોગી વસાવવા જેવા પુસ્તકો

**પ્રાપ્તિ સ્થાન**

અખિલ ભારતીય સ્વાધ્યાય પીઠ

વીતરાગ ટાવર નં.-૧, દુ.નં. ૩, બાવન જિનાલય પાસે,
ભાયંદર (વેસ્ટ). ફોન : ૯૩૨૪૫૮૭૧૨૫

પાઠશાળાના વિદ્યાર્થીઓને
સુવ્યવસ્થિત શિક્ષણ આપવા માટે
❖ બે પ્રતિક્રમણ વિધિ-સૂત્ર માટે

## ચાલો પાઠશાળા ભાગ-૧

(ગુજરાતી/હિન્દી) (રૂ. ૨૦/-)

❖ પર્યુષણ માટે સૂત્રો-કાવ્યો - સ્તવનો
વગેરે માટે તથા મોટા ત્રણ
પ્રતિક્રમણ માટે તથા નવસ્મરણ માટે

## ચાલો પાઠશાળા ભાગ-૨

(રૂ. ૨૦/-)

પૌષધ વિધિઓ સરળતાથી શીખવા
માટે તથા શુદ્ધ પૌષધ માટે સરળ
માહિતી મેળવવા માટે શ્રેષ્ઠ પુસ્તક...

## ચાલો પાઠશાળા ભાગ-૩

(રૂ. ૧૦/-)

ત્રણેય પુસ્તકો એટલે પંચ પ્રતિક્રમણ,
પર્યુષણ તૈયારી અને પૌષધ

## વિકાસ હાજરી પત્રક : ભાગ-૧

(રૂ. ૩/-)

## વિકાસ હાજરી પત્રક : ભાગ-૨

(રૂ. ૩/-)

ગુરુવંદન, પ્રભુદર્શન, સામાયિક,
ચૈત્યવંદન, અષ્ટપ્રકારી પૂજા,
પચ્ચક્ખાણ વગેરે અંગે સુંદર અને
સરળ સમજણ મેળવવા માટે અત્યંત ઉપયોગી પુસ્તક

## મનવા ! જીવન જ્યોત પ્રગટાવ

(રૂ. ૨૦/-)

બે પ્રતિક્રમણ સૂત્રોનાં અર્થ, વિવેચન અને
રહસ્યો જાણવા માટે ખૂબ જ સુંદર પુસ્તક

## ચાલો, સૂત્રોના અર્થ સમજીએ

(રૂ. ૩૦/-)

સ્કૂલના પાઠ્યપુસ્તકોની જેમ
પાઠ પાડીને સરળ શૈલીમાં
લખાયેલ તત્વજ્ઞાનના પુસ્તકો

જીવ વિચાર (રૂા. ૨૦/-)
સરળ નવતત્ત્વ (રૂા. ૨૦/-)
દંડક પ્રકરણ (રૂા. ૧૮/-)
કર્મનું વિજ્ઞાન (રૂા. ૨૫/-)

બહેનો માટે ખૂબ ઉપયોગી
સુંદર પુસ્તક...

રસોડાનું તત્વજ્ઞાન

(રૂા. ૨૦/-)

શ્રાવક જીવનને સુવ્યવસ્થિત કરવા માટે,
અનેક પાપોથી પ્રતિબદ્ધ રીતે છૂટવા માટે,
દુર્ગતિની ખાઈ તરફ ધકેલાતા આત્માને
બચાવવા માટે ખૂબ સહાયક બનતા પુસ્તકો...

સમકિત મૂળ બાર વ્રત-૧૨૪ અતિચાર (રૂા. ૨૦/-)
હરિયા રેટના પાપ ખાબોચિયામાં (૧૪ નિયમ) (રૂા. ૮/-)
વર્ધમાન સામાયિક ઓળી (રૂા. ૫/-)

જલ્દીમાં જલ્દી મોક્ષ પામવા માટેના
ઉપાયો દર્શાવતું અને રોજ અર્થ સહિત
વાંચવા જેવું પુસ્તક...

આત્મકલ્યાણ માટે ૧૫ મિનિટ

(પંચસૂત્રનું પહેલું સૂત્ર) (રૂા. ૧૦/-)

અંગ્રેજી માધ્યમના બાળકોને સરળતાથી
ગુજરાતી લખવા વાંચતા શીખવા માટે
ઉપયોગી પુસ્તક...

વજસ્વામી પાઠશાળા ભાગ-૧ (રૂા. ૪૦/-)

પછી તો ગુજરાતી વાર્તાઓ, સૂત્રો, સ્તવનો,
સ્તુતિઓ વગેરે વાંચતા – લખતાં
સરળતાથી આવડી જશે.

તમારે નાના-નાના બાળકો છે ?
તેઓના આનંદ માટે, તેઓના સંસ્કાર
સિંચન માટે, તેઓને સારું સારું શીખવવા
માટે આજે જ મેળવી લો...

વજસ્વામી પાઠશાળા : ભાગ - ૨ (રૂા. ૪૦/-)
વજસ્વામી પાઠશાળા : ભાગ - ૩ (રૂા. ૪૦/-)

(ભાગ ૧-૨-૩ નો ભેગો સેટ માત્ર
રૂા. ૮૦/- માં)

જંબુદ્વીપ, આપણું વિશ્વ, સૂર્ય ચન્દ્ર વગેરે
અંગે વિસ્તૃત માહિતી પીરસતું...
તથા પૃથ્વી ગોળ છે, ભમે છે, ગુરૂત્વાકર્ષણ
બળ વગેરે માન્યતાઓ સામે પ્રશ્નાર્થ
ચિન્હો ઉભું કરતું પુસ્તક...

**લઘુ સંગ્રહણી**

(રૂા. ૮૦/–)

ધર્મની અનેક પ્રેક્ટીકલ ક્રિયાઓ
શીખવવા માટે ફોટાઓ સહિત
સુંદર સમજણ આપતું પુસ્તક...

**પ્રેક્ટીકલ ક્રિયા જ્ઞાન**

(રૂા. ૧૦/–)

ઘણાના મનને મૂંઝવતો સવાલ છે,

**આત્મા ખરેખર છે ?**

(રૂા. ૨૦/–)

સંસ્કાર અભિયાન

**કથા વાર્તાઓનો રસથાળ**

ભાગ : ૧ થી ૪

(દરેક ભાગ રૂા. ૪૦/– માં)

પુસ્તક વાંચે એટલે કાયમ
માટે દારૂખાનું ફોડવાનું પાપ
છૂટી ગયું સમજો, એવું ઘેર
ઘેર ભેટ આપવા જેવું પુસ્તક...

**દારૂખાનાને તિલાંજલિ** (રૂા. ૫/-)

*(ગુજરાતી / હિન્દી)*